**સુવિચાર**

"સુખ આપણાં અભિમાનની પરીક્ષા લે છે ને દુઃખ આપણી ધીરજની કસોટી કરે છે."

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૭/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ જેઠ વદ-૮ વર્ષ : ૧૭ અંક : ૧૭૫

## દર વર્ષે ચોમાસામાં રાબેતા મુજબની ગંભીર પરિસ્થિતિ જોવા મળે છે

# પતાના મહેલની જેમ તૂટતું ઈન્ફ્રાસ્ટ્રકચર અને જનતાની લાચારી

**ચોમાસાની આફત આકરી છે કે સિસ્ટમની નાકામી જ્વાબદાર છે તે નક્કી થતું નથી**

**અબજોનાં પ્રોજેકટસ, મેગા સિટીઝનાં સપના અને સુપરફાસ્ટ રોડ પર પડતા ભુવા**

**દર વર્ષે ભ્રષ્ટાચારનાં યુગમાં જનતાનાં પરસેવાનાં પૈસા વહી જતાં જોવા મળે છે**

**પદાધિકારીઓ અને અધિકારીઓએ આત્મ મંથન કરવાનો સમય આવી ચુકયો છે**



સાવરકુંડલા, તા. ૭

ચોમાસાની ઋતુ શરૂ થતાં જ આપણી ટીવી સ્ક્રીન અને અખબારો પૂર, તૂટેલા પુલ, ધોવાઈ ગયેલા રસ્તાઓ અને પાણીમાં ડૂબેલા ગામોના સમાચારોથી ઉભરાવા લાગે છે. એક તરફ આપણે ડિજિટલ ઈન્ડિયા, બુલેટ ટ્રેન અને મેગા સિટીઝના આધુનિક સપના જોઈ રહ્યા છીએ અને બીજી તરફ સામાન્ય વરસાદમાં પણ આપણું કરોડો–અબજોનું ઈન્ફ્રાસ્ટ્રકચર પત્તાના મહેલની જેમ તૂટી પડે છે. પર્યાવરણનું હનન એ કુદરતી હોનારતોનું એક પાસું ચોક્કસ હોઈ શકે, પરંતુ દર વર્ષે સર્જાતી આ તબાહી પાછળ માત્ર કુદરત નહીં, પણ આપણી માનવસર્જિત નિષ્ફળતાઓ, ભ્રષ્ટાચાર અને નબળું વહીવટી મેનેજમેન્ટ જવાબદાર છે.

જયારે કોઈ નવો પુલ કે રસ્તો સામાન્ય વરસાદમાં પણ તૂટે છે, ત્યારે કોઈ એક વ્યકિત નહીં પરંતુ આખી સિસ્ટમની સાંઠગાંઠ બહાર આવે છે. બાંધકામમાં સિમેન્ટ, લોખંડ અને કપચીના પ્રમાણમાં ખુલ્લેઆમ ચોરી કરવી એ હવે એક સામાન્ય બાબત બની ગઈ છે. પરિણામે, જે પુલની આવરદા ૫૦ વર્ષની હોવી જોઈએ, તે માત્ર ૫ જ વર્ષમાં ધસી પડે છે.

આ નબળા કામ પાછળ સબ–કોન્ટ્રાકટીંગની આખી ચેઈન જવાબદાર છે. મોટો સરકારી કોન્ટ્રાકટ કોઈ મોટી નામચીન કંપની રાખે છે, તે પોતાનો નફો કાઢીને બીજી નાની કંપનીને આપે છે અને તે વળી કોઈ સ્થાનિક પેટી–કોન્ટ્રાકટરને કામ સોંપી દે છે. આ લાંબી સાંકળમાં દરેક સ્તરે નફો કમાવવાના ચક્કરમાં મુખ્ય કામની ગુણવત્તા સાવ તળિયે બેસી જાય છે. સરકારી એન્જિનિયરો, જેમનું મુખ્ય કામ કોન્ટ્રાકટરના કામ પર કડક દેખરેખ રાખવાનું છે, તેઓ પણ આ મિલી ભગતમાં સામેલ થઈ નબળા કામને લીલી ઝંડી આપી દે છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ

# લીલીયા મોટા પંથકમાં ભારે વરસાદથી અનેક સ્થળોએ તારાજીનાં દ્રશ્યો જોવા મળી રહ્યાં છે

**ખારા ગામ બેટમાં ફેરવાતા સેવાભાવીઓ મદદે દોડયા**



અમરેલી, તા. ૭

મોટા લીલીયા તાલુકામાં ગઈકાલે પડેલા ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. ખારા ગામમાં વરસાદી પાણી ઘૂસી જતાં ગામ બેટમાં ફેરવાઈ ગયું હતું. નીચાણવાળા વિસ્તારોમાં આવેલા મકાનોમાં પાણી ઘૂસતાં લોકોની ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યું હતું. વરસાદના કારણે ગામના બે કાચા મકાનો પણ ધરાશાય થતાં સ્થાનિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો.

લીલીયા તાલુકાના ખારા ગામમાં સતત વરસેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો અને પ્લોટ વિસ્તારમાં વરસાદી પાણી મકાનોમાં ઘૂસી જતાં રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. અનેક પરિવારોની ઘરવખરીને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે.

ભારે વરસાદના કારણે ગામના બે મકાનો ધરાશાય થયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ અસરગ્રસ્ત પરિવારોને ભારે નુકસાન વેઠવું પડયું છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૦૯/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૮:૩૦ થી ૧૨

ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ
લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત
તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦

ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો સર્જન
બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત
તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬

ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. મનિષ પકાણી — ન્યુરો ફીજીશ્યન
મગજના રોગોના નિષ્ણાંત
તા. ૧૧/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૪૯૩ ૬૧૫૯૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એમ.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૪ ૪૮૪૩૦

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,32,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૬૦૦ ૩૮૩૦૩

## જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં

# અમરેલી જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને સમીક્ષા બેઠક યોજાઈ

**વરસાદમાં ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામતની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા સુચના આપી**

**રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં જ્યાં પણ વીજ પુરવઠો ખોરવાયો છે ત્યાં ઝડપથી વીજ પુરવઠો પૂર્વવત કરાશે : વેકરિયા**

**માર્ગ-મકાન રાજય હસ્તકનાં માર્ગોની મરામત માટે ૧૦ ટીમ સતત કાર્યરત**

**ઉર્જા રાજયમંત્રી વેકરિયા, ધારાસભ્યો, જિલ્લા પંચાયતનાં પ્રમુખ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૭

જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને આજરોજ જિલ્લાસેવા સદન ખાતે જિલ્લા પ્રભારી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સહિત પદાધિકારીઓ-અધિકારીઓ જોડાયા હતા.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન થયેલ વરસાદની સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સતત અને અવિરત વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ધારી, ચલાલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા, લીલીયા વિસ્તારમાં વધુ વરસાદ નોંધાયો છે. પાણી ભરાવાની સ્થિતિમાં અત્યાર સુધીમાં લીલીયા તાલુકાના બવાડી ગામે કુલ ૮ લોકો જે ફસાયેલ હતા, તેમનું રેસ્કયુ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. ધારીના મીઠાપુર, ડુંગરી, ચલાલામાં ૧૦ જેટલા લોકો તથા કથીવદર મુકામે ૧૨ લોકો ફસાયા હતા, તેમનું પણ રેસ્કયુ કરીને તેમને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા. એન.ડી.આર.એફ. અને ફાયર વિભાગ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ ૦૨ માનવ મૃત્યુ અને ૦૪ પશુ મૃત્યુના બનાવ બન્યા છે. ઉપરાંત વરસાદની સ્થિતિના પગલે કુલ ૧૨ કાચા મકાનોને નુકશાન પહોંચ્યુ છે.

જિલ્લામાં તા. ૫ જુલાઈના રોજ થયેલ વરસાદની સ્થિતિના પગલે માર્ગ અને મકાન રાજય હસ્તકના કુલ ૧૨ રોડ બંધ થયેલ હતા. જેમાંથી હાલ ઓવરટેપિંગના કારણે ચાંચ-ખેરા-પટવા-સમઢિયાળા એક જ રોડ બંધ છે. ઉપરાંત તા. ૦૬ જુલાઈના રોજ પડેલ વરસાદના કારણે કુલ ૦૫ રસ્તા બંધ થયેલ હતા. જેમાંથી ૦૨ રોડ પૂર્વવત શરૂ થયા છે. આજની સ્થિતિએ હવે કુલ ૦૬ રોડ બંધ છે. જેમાં કાતર, કોટડી, અગરિયા રોડ, ચાંચ-ખેરા-પટવા-સમઢિયાળા, ચલાલા-ગરમલી-ચરખા રોડ, બાબરા-દરેડ-નાની કુંડળ રોડ, સેલના ફિફાદ-લુવારા-શેત્રુંજી બ્રિજ, લાઠી-લીલીયા રોડ બંધ છે. ઉપરાંત વરસાદના કારણે નુકશાન થયેલ રોડ-રસ્તાની મરામતની કામગીરી પૂરજોશમાં શરૂ છે. હાલ કુલ ૧૦ ટીમ વિવિધ તાલુકામાં સતત કાર્યરત છે અને કામગીરી આગળ ધપી રહી છે.

વરસાદની સ્થિતિના પગલે માર્ગ અને મકાન પંચાયત હસ્તકના વિવિધ રોડ રસ્તા જે બંધ થયેલ છે તેને પૂર્વવત કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સાથે મરામત યોગ્ય રસ્તાઓની મરામતની કામગીરી પણ ઝડપભેર કરવામાં આવશે.

પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સમગ્ર જિલ્લામાં વરસાદની સ્થિતિના પગલે ક્ષતિગ્રસ્ત માર્ગોનું મરામત કાર્ય ઝડપથી થાય તે બાબતે સંકલન સાથે કામગીરી કરવામાં આવે અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે. ઉપરાંત લોકોને ઓછામાં ઓછી મુશ્કેલીનો સામનો કરવો પડે તે પ્રકારે મદદ કરવાની ભાવના સાથે આપત્તિ વ્યવસ્થાપન પ્રક્રિયા આગળ વધારવામાં આવે. મંત્રીએ સમગ્ર જિલ્લાની સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને દરેક બાબતે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. સર્વ ધારાસભ્યો, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ સહિત સમગ્ર ટીમ એક થઈને આપત્તિ વ્યવસ્થાપન કામગીરી ઝડપભેર આગળ વધારી રહી છે, જેના માટે અભિનંદન પણ પાઠવ્યા હતા.

ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, રાજુલા-જાફરાબાદ સહિતના વિસ્તારોમાં જયાં પણ વરસાદના કારણે વીજપોલ ધરાશાયી થયા છે તેને ત્વરાએ પુનઃ કાર્યરત કરીને વીજ પુરવઠો જલ્દીથી પૂર્વવત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં જળસિંચન વિભાગ હેઠળ કુલ ૧૦ સિંચાઈ યોજનાઓ-ડેમ કાર્યરત છે. જેમાં વરસાદના કારણે પાણીની આવક વધતા ડેમનું રૂલ લેવલ, ઓવરફલો સહિતની સૂચનાઓ ત્વરિત પાસ કરવામાં આવી હતી અને અસરગ્રસ્ત ગામોને પણ અગાઉથી જ સચેત કરવામાં આવ્યા હતા. સાથે તમામ ડેમ સાઈટ ઉપર રાઉન્ડ ધ કલોક મોનિટરિંગની કામગીરી પણ કરવામાં આવી રહી છે. હાલમાં આજની સ્થિતિએ ધાતરવડી-૧ ડેમ ૨.૫ ફૂટ ઓવરફલો, ખોડીયાર-૨ દરવાજા ૦.૫ ફૂટ, ઠેબી ૬ દરવાજા ૩ ફૂટ, રાયડી ૧ દરવાજો ૧ ઈંચ, સુરજવડી ૧ ફૂટ ઓવરફલો, ધાતરવડી-૨ ૧૦ દરવાજા ૨ ફૂટ સુધી ખુલ્લા છે. સિંચાઈ યોજના-ડેમના રૂલ લેવલ જાળવવામાં માટેની કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં તમામ ડેમ સલામત છે.

જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકમાં સર્વ ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના હોદ્દેદારો, તાલુકા પંચાયત હોદ્દેદારો, જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર ગોહિલ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, અમરેલી પ્રાંત અધિકારી નાકીયા, માર્ગ અને મકાન રાજય અમરેલીના નાયબ કાર્યપાલક ઈજનેર હેતત્સવ ધોલાવાલા, માર્ગ અને મકાન પંચાયતના અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી સહિતના અધિકારીઓ તથા જિલ્લાના સર્વ પ્રાંત અધિકારીઓ-મામલતદારો વર્ચ્યુઅલી જોડાયા હતા.

# ધારી-ખાંભા હાઈ-વે પર વરસાદી માહોલમાં સિંહણની નિર્ભય લટાર



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં ચોમાસાના પ્રારંભથી લોકો ખેડૂતો સહિતના ખુશહાલ જોવા મળ્યા છે. ત્યારે જંગલની મહારાણી પણ વરસાદી વાતાવરણને માણવા મધ્ય રાત્રીએ નીકળી પડી હતી. જેમાં અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી - ખાંભા હાઈવે પર વીરપુર ગામ નજીક મોડી રાત્રે રીમઝીમ વરસાદ વચ્ચે એક સિંહણ નિર્ભય રીતે રોડ પર લટાર મારતી જોવા મળી હતી. પાછળથી આવી રહેલા વાહન ચાલકે સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરતાં તે સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

ગીર કાંઠાના વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમિયાન વન્ય પ્રાણીઓની અવર જવર વધી રહી છે.ત્યારે ધારી તાલુકાના વીરપુર ગામ નજીક ધારી - ખાંભા હાઈવે પર ગઈ મોડી રાત્રે એક સિંહણ શિકારની શોધમાં રોડ પર આવી ચડી હતી.ધીમી ધારે વરસતા વરસાદ વચ્ચે સિંહણ લાંબા સમય સુધી હાઈવે પર બિન્દાસ લટાર મારતી જોવા મળી હતી.

પાછળથી આવી રહેલા એક વાહન ચાલકે સાવચેતી રાખી પોતાના વાહનની ગતિ ધીમી કરી અને સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કર્યો હતો. વરસાદી વાતાવરણમાં સિંહણના આ દશ્યો સોશિયલ મીડિયામાં અદભુત વિડીયો ઝડપથી વાયરલ થતાં લોકોમાં ભારે રસ જાગ્યો છે.

ગીર કાંઠાના વિસ્તારમાં ચોમાસા દરમિયાન સિંહ સહિતના વન્ય પ્રાણીઓ રહેણાંક વિસ્તારો અને માર્ગો પર જોવા મળતા હોવાથી વાહન ચાલકોને ખાસ સાવચેતી રાખવાની જરૂરિયાત છે. વન્યપ્રાણી નજરે ચડે ત્યારે તેમની નજીક જવાનો કે હેરાન કરવાનો પ્રયાસ ન કરવા તેમજ સુરક્ષિત અંતર જાળવવાની અપીલ કરવામાં આવે છે.

## સ્પેશ ટેકનોલોજીનાં માર્ગોને બદલે દેશી પધ્ધતીનાં માર્ગો સારા

# વડિયામાં ગ્રામ પંચાયત પાછળ બનેલ માર્ગમાં સળિયાઓ કોઈ નિર્દોષ વ્યકિતનાં શિકારની રાહમાં

**ઢુંઢિયા પીપળીયા કે હનુમાન ખીજડીયા તરફ જતાં સાવચેત રહેજો**



વડિયા, તા. ૭

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ગ્રામપંચાયત પાછળ સુરવો નદી કિનારે આવેલો ઢૂંઢિયાપીપળીયા તરફ જતો આરસીસી રોડ જેને ભ્રષ્ટાચારનો બેનમૂન નમૂનો માનવામાં આવે છે. આ કામગીરી થોડા વર્ષ પેહલા કોઈ એજન્સી દ્વારા કરવામાં આવી હતી. જે તે સમયે આ રોડના નબળી ગુણવતાના કામ બાબતે સ્થાનિકો અને સરપંચ દ્વારા ગંભીર આક્ષેપો સાથે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. તેના વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા હતા. ત્યારબાદ નેતાઓ અને અધિકારીઓએ આ રોડની મુલાકાત લઈ તપાસની ખાત્રી પણ અપાઈ હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ વિરોધો અને તપાસ વચ્ચે ભ્રષ્ટાચાર કોઈ અધિકારી કે નેતાઓને દેખાયો નહિને પેમેન્ટ પણ જે તે એજન્સીને કરી દેવામાં આવ્યુ. હાલ આ રોડ બન્યાના થોડા સમયમાં જ બિસ્માર હાલતમાં બન્યો છે. આ રોડ પરથી કૃષ્ણપરા, હનુમાન ખીજડીયા તરફ જવાના વણાંકમાં ગોઠણ સમા ખાડાઓ પડયા છે અને આ ખાડાઓમાં લોખંડના સળિયાઓ જાણે કોઈ નિર્દોષના ભોગની રાહ જોતા હોય તેમ કોબ્રા સાપની ફેણની જેમ ડંખ મારી ટાયર કે પગમાં ઘુસવા તૈયાર બેઠા છે. ત્યારે આ ખાડાઓ અને સળિયાઓ બાબતે કુંભકર્ણ નિદ્રામાં સુતેલા તંત્રને જાગીને હવે જો આ રસ્તો ગેરંટી પિરિયડમાં હોય તો તે કોન્ટ્રાકટર પર પગલા લઈ આ રસ્તાને ફરી બનાવવો જોઈએ અન્યથા આ રસ્તો રીપેરીંગ કરવો અત્યંત આવશ્યક છે. હાલ તો આ ભ્રષ્ટાચાર પર થયેલા ઢાંક પીછોડાના કારણે વડિયા વાસીઓ હાલાકી ભોગવવા સાથે જીવના જોખમે આ રસ્તા પરથી પસાર થઈ રહ્યા છે. ત્યારે આ બાબતે તંત્ર કયારે જાગશે તે તો આવનારો સમય જ બતાવશે.

## અમરેલી જિલ્લામાં મેઘરાજાએ પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખોલી નાખી

# લીલીયા મોટાનાં ક્રાંકચ નજીક ગાગડિયો નદીનાં પાણી માર્ગ ઉપર ફરી વળતા ગારિયાધારનો માર્ગ બંધ

**ગ્રામ્ય વિસ્તારનાં અનેક માર્ગો પણ બાધિત થતા તંત્રમાં દોડધામ**



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી છે. લાઠી અને લીલીયા પંથકમાં ગાગડિયો નદી બે કાંઠે વહેતા અનેક માર્ગો પાણીમાં ગરકાવ થયા છે, જેના કારણે અનેક ગામોનો સંપર્ક ખોરવાયો છે.નીચાણવાળા વિસ્તારોમાં હજારો વીઘા ખેતીની જમીન પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. અમરેલી જિલ્લામાં મેઘરાજાની અવિરત મેહર બાદ નદીઓમાં નવા નીરની આવક થતાં લાઠી તાલુકાની ગાગડિયો નદીમાં ભારે પૂર આવ્યું છે.પૂરનાં કારણે અમરેલી થી ગારિયાધાર જતો સ્ટેટ હાઈવે પાણીમાં ગરકાવ થતાં વાહન વ્યવહાર સંપૂર્ણ પણે બંધ કરવો પડયો છે.

મોટા લીલીયા તાલુકામાં નાના લીલીયા ચોકડી અને ક્રાંકચ ગામ વચ્ચે રોડ ઉપર ગાગડિયો નદીના પાણી ફરી વળતાં આ માર્ગ પણ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો છે. આ ઉપરાંત ટિબડી થી ભોરીંગડા, કૂતાણાથી ભોરીંગડા તેમજ કૂતાણાથી સનાલિયા ગામ જવાના માર્ગો પણ પાણી ફરી વળતાં બંધ થઈ ગયા છે.

સનાલિયા ગામ પાસે ગાગડિયો નદીમાં આવેલા ભારે પૂરથી આસપાસના વિસ્તારોમાં પાણી ફેલાઈ જતાં હજારો વીઘા ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ છે. બીજી તરફ ટિબડી ગામ તરફ જવાના તમામ માર્ગો બંધ થતાં ગામ બેટમાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તંત્ર દ્વારા લોકોને નદી-નાળાઓ અને પાણી ભરાયેલા માર્ગો પરથી પસાર ન થવાની અપીલ કરવામાં આવી છે. વરસાદ યથાવત રહેતાં આગામી કલાકોમાં સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# દામનગરમાં સરદાર સર્કલ ફરતે વેરાયેલા પથ્થરનાં કપચા



દામનગર, તા. ૭

બે દિવસથી વરસી રહેલા વરસાદથી દામનગરમા સરદાર સર્કલ -જુના અવેડા ચોકમાં અલગ અલગ વિસ્તારોમાંથી આવતા પાણીથી આ ચહલપહલ વાળા વિસ્તારમાં દોઢથી બે ફુટ જેટલા પાણીના વહેતા જથ્થામાથી પસાર થવું જાણે કે લોઢાના ચણા ચાવવા જેવું થઈ જાય છે. આ દરમિયાન તણાઈને આવેલા પત્થરના કપચા આવી ગયેલા હોય વાહનચાલકોના વ્હીલમાં અથડાઈને વેપાર કરતા લારી ધારકોને અને રાહદારીઓ ઉપર ઉડીને આવતા હોય નાની મોટી ઈજા પહોંચતી હોય આ કપચા હટાવી લેવા અને પડેલા ખાડાઓ બુરવા માંગ ઉઠી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

## જિલ્લાનાં સૌથી ઉંચા અને વધારે પાણી સંગ્રહની ક્ષમતા ધરાવતાં ખોડિયાર જળાશયનાં દરવાજા ખુલ્યા

# અમરેલી જિલ્લામાં ૧૦માંથી ૬ જળાશયો થયા ઓવરફ્લો

**ધાતરવડી–૧, ધાતરવડી–૨, રાયડી અને ઠેબી જળાશયનાં દરવાજા ખોલાયા**

**ગણતરીની કલાકોમાં જ મેઘરાજાએ મસમોટા જળાશયો અને ચેકડેમો, તળાવો ભરી દીધા**

**જળાશયનાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરાયો**

**સિંચાઈ વિભાગનાં અધિકારીઓની નજર સતત જળાશયો ઉપર મંડાયેલી છે**





અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અવિરત વરસાદના પગલે જિલ્લાના મોટાભાગના જળાશયો પાણીથી છલકાઈ ઉઠયા છે. જિલ્લાના ૧૦ જળાશયોમાંથી ૬ જળાશયો સંપૂર્ણ ભરાઈ ગયા છે, જયારે રૂલ લેવલ જાળવવા માટે હાલ ૫ ડેમના દરવાજા તબક્કાવાર ખોલવામાં આવ્યા છે. ડેમોમાં સતત પાણીની આવક અને નિયંત્રિત જાવક ચાલુ હોવાથી નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લાના સૌથી મોટા શેત્રુંજી નદી પર આવેલા ધારીના ખોડીયાર ડેમમાં પાણીની આવક વધતાં તેના ૨ દરવાજા ૧૫ સેન્ટિમીટર સુધી ખોલવામાં આવ્યા છે. બીજી તરફ અમરેલી શહેર નજીક આવેલા ઠેબી ડેમનો રૂલ લેવલ જાળવવા માટે ૧ દરવાજો ૧ ફૂટ સુધી ખુલ્લો રાખવામાં આવ્યો છે.

રાજુલા તાલુકામાં ધાતરવડી–૧ ડેમ ૦.૭૫ મીટર ઓવરફલો થઈ રહ્યો છે, જયારે ખાખબાઈ નજીક આવેલા ધાતરવડી–૨ ડેમના ૧૦ દરવાજા ૨ ફૂટ (આશરે ૦.૬૦ મીટર) સુધી ખોલી નિયંત્રિત રીતે પાણી છોડવામાં આવી રહ્યું છે.

ખાંભા તાલુકાના બારમણ ગામ નજીક આવેલ રાયડી ડેમ પણ ઓવરફલો થતાં તેનો ૧ દરવાજો ૧ ઈંચ સુધી ખોલવામાં આવ્યો છે. ઉપરાંત સુરજવાડી ડેમ ૦.૩૦ મીટર ઓવરફલો થઈ રહ્યો છે.

જિલ્લામાં સતત વરસાદના કારણે તમામ જળાશયોમાં પાણીની આવક યથાવત રહેતાં સિંચાઈ વિભાગ દ્વારા ડેમોના રૂલ લેવલ પર સતત નજર રાખવામાં આવી રહી છે. હાલ જિલ્લાના ૧૦ જળાશયોમાંથી ૬ જળાશયો સંપૂર્ણ ભરાઈ ચૂકયા છે અને ૫ ડેમના દરવાજા ખોલી વધારાનું પાણી નિયંત્રિત રીતે છોડવામાં આવી રહ્યું છે. તંત્રએ ડેમના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો તથા નદીકાંઠાના ગામોના રહેવાસીઓને સાવચેતી રાખવા અને બિનજરૂરી રીતે નદી કે પાણીના પ્રવાહ નજીક ન જવા અપીલ કરી છે.

### કાદવ કિચડ વચ્ચે મૃતદેહ નજરે ચડયો

## અમરેલીનાં કેરિયાચાડ ગામે દીપડાનો રહસ્યમય હાલતમાં મૃતદેહ મળી આવ્યો

**વન વિભાગે પી.એમ. સહિતની તપાસ હાથ ધરી**



અમરેલી, તા. ૭

અમરેલી તાલુકાના કેરિયાચાડ ગામની સીમમાં કાદવ–કીચડ વચ્ચે દીપડાનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. દીપડાનું મોત કયા કારણોસર થયું તે અંગે રહસ્ય સર્જાયું છે અને સત્ય હકીકત જાણવા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે.

અમરેલી તાલુકાના કેરિયાચાડ ગામમાં દીપડાનો મૃતદેહ મળી આવવાની ઘટના સામે આવતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ ગામની સીમમાં કાદવ અને કીચડ વચ્ચે દીપડો મૃત હાલતમાં જોવા મળતાં સ્થાનિકોએ વન વિભાગને જાણ કરી હતી.

જાણ થતાં જ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરીને જરૂરી પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. દીપડાના શરીર પર કોઈ ઈજાના નિશાન છે કે કેમ તેમજ મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ દીપડાના મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે. હાલ કુદરતી કારણો, ઝેરી પદાર્થ, ઈજાઓ કે અન્ય કોઈ સંજોગોને ધ્યાનમાં રાખીને તમામ દિશામાં તપાસ ચાલી રહી છે.

દીપડાના રહસ્યમય મોતને પગલે કેરિયાચાડ સહિત આસપાસના ગામોના લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા સમગ્ર ઘટનાની ઘનિષ્ઠ તપાસ શરૂ કરવામાં આવી છે અને તપાસપૂર્ણ થયા બાદ જ વધુ વિગતો જાહેર કરવામાં આવશે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ


જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### ઉપરવાસમાં ભારે વરસાદનાં કારણે

## અમરેલીનાં ઠેબી સિંચાઈ યોજનામાં નવા નીરની આવક થતા ૬ દરવાજા ખોલાયા

**વહેલી સવારે ૨:૩૦ કલાકે ૦.૯ મીટર સુધી ૬ દરવાજા ખોલવામાં આવ્યા**



અમરેલી, તા. ૭

અમરેલી પાસે ઠેબી નદી પર આવેલી ઠેબી સિંચાઈ યોજનામાં ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ઠેબી ડેમમાં પાણીની આવકમાં સતત વધારો નોંધાતા જળાશયનું રૂલ લેવલ જાળવવા માટે આજે તા. ૭ના રોજ સવારે ૨:૩૦ કલાકે યોજનાના ૬ દરવાજા ૦.૯ મીટર સુધી ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સિંચાઈ વિભાગ દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં નીચવાસના વિસ્તારોમાં પાણીના પ્રવાહમાં વધારો થવાની શકયતા છે. જેના કારણે નદીના પટ તેમજ કાંઠા વિસ્તાર પાસે અવરજવર ન કરવા અને જરૂરી સાવચેતી રાખવા લોકોને અપીલ કરવામાં આવી છે.

ઠેબી ડેમમાંથી પાણી છોડવામાં આવતાં અમરેલી તાલુકાના અમરેલી, પ્રતાપરા, ફતેપુર અને ચાંપાથળ ગામોને અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તંત્રે ગ્રામજનોને સચેત રહેવા તેમજ કોઈપણ પ્રકારની જોખમી સ્થિતિથી દૂર રહેવા અનુરોધ કર્યો છે.





**અંગ્રેજી ન્યુઝ પેપર**

**The Indian EXPRESS**

શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર

**ફાયનાન્સિયલ એક્સપ્રેસ**

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

પ્રકાશભાઈ ચંદારાણા

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364

PRIME PROPERTY

Sell • Purchase • Lease

Commercial • Residential • Plotting

Member of

RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA

413, Star Plaza, Phulchhab Chowk, Rajkot

+91 98980 52364 / 93770 03636

Jaydeep Rayththa1983@Gmail.Com












### ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન PM મોદીનું સંબોધન

# ભારતની નીતિ વિસ્તારવાદ નહીં, વિકાસવાદની છે, ઈન્ડોનેશિયાની સંસદમાં મોદીએ આપ્યો સંદેશ

## PM મોદીને મળ્યું ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન, બંને દેશોના સંબંધો વધુ મજબૂત કરવાની વાત

જકાર્તા,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાની સંસદને સંબોધિત કરતા ભારતની નીતિ અને વૈશ્વિક ભૂમિકા અંગે મહત્વપૂર્ણ વાતો કરી હતી. તેમણે કહ્યું કે ભારતની નીતિ વિસ્તારવાદની નહીં પરંતુ વિકાસવાદની છે. ભારત વિશ્વ સાથે સહયોગ, શાંતિ અને વિકાસના માર્ગ પર આગળ વધવામાં વિશ્વાસ રાખે છે. તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રને ભારતની વિકાસ યાત્રાનો આધાર ગણાવ્યો હતો. ઈન્ડોનેશિયાની સંસદમાં સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ ૧૪૦ કરોડ ભારતીયો તરફથી ઈન્ડોનેશિયાના લોકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે ઈન્ડોનેશિયાની સંસદમાં હાજર રહેવું તેમના માટે ગૌરવ અને સૌભાગ્યની વાત છે. ઈન્ડોનેશિયાના લોકો દ્વારા મળેલા પ્રેમ, સન્માન અને આત્મીય સ્વાગતને તેઓ જીવનભર યાદ રાખશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો માત્ર રાજકીય કે આર્થિક નથી, પરંતુ બંને દેશોની હજારો વર્ષ જૂની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસત સાથે જોડાયેલા છે. બંને દેશોના લોકો વચ્ચેનો વિશ્વાસ અને મિત્રતા આ સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથેના સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે મિત્રતા અને સન્માન કોઈ સીમામાં બંધાયેલા નથી. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો પરસ્પર વિશ્વાસ અને સહયોગના આધારે સતત આગળ વધી રહ્યા છે.

PM મોદીએ જણાવ્યું કે ભારત દુનિયામાં પોતાની ભૂમિકા વિકાસ અને સહયોગના માધ્યમથી મજબૂત બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત કોઈપણ પ્રકારના વિસ્તારવાદમાં નહીં પરંતુ વિકાસવાદમાં વિશ્વાસ રાખે છે. ભારતનો પ્રયાસ હંમેશા એ રહ્યો છે કે દુનિયાના દેશો સાથે મળીને વિકાસના નવા માર્ગો શોધવામાં આવે. આ પ્રસંગે ઈન્ડોનેશિયાએ વડાપ્રધાન મોદીને દેશનું સર્વોચ્ચ નાગરિક અને સૈન્ય સન્માન 'બિંતાંગ આદિપૂર્ણ' એનાયત કર્યું હતું. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો દ્વારા તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું. આ સન્માનને ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક માનવામાં આવી રહ્યું છે.

સન્માન સ્વીકારતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ સન્માન માત્ર તેમનું નહીં પરંતુ સમગ્ર ભારતના લોકોનું સન્માન છે. તેમણે ઈન્ડોનેશિયાની સરકાર અને જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પુરસ્કાર બંને દેશોના લોકતાંત્રિક મૂલ્યો, સહિયારી સંસ્કૃતિ અને સતત મજબૂત બની રહેલા સંબંધોને દર્શાવે છે.

વડાપ્રધાન મોદીના આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, સંરક્ષણ, ટેક્નોલોજી, સંસ્કૃતિ અને વિકાસ ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ભારત અને ઈન્ડોનેશિયા એશિયાના મહત્વપૂર્ણ દેશો છે અને બંને વચ્ચેના સંબંધો પ્રાદેશિક સ્થિરતા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઈન્ડોનેશિયાની સંસદમાં વડાપ્રધાન મોદીના સંબોધનને બંને દેશોની મિત્રતાને નવી દિશા આપનારું પગલું માનવામાં આવી રહ્યું છે. ભારતે ફરી એકવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તે વિશ્વમાં શાંતિ, સહયોગ અને વિકાસ આધારિત ભાગીદારીને પ્રાથમિકતા આપે છે.

### ભારત-ઇન્ડોનેશિયા વ્યૂહાત્મક સંબંધો

# ભારત-ઈન્ડોનેશિયા સંબંધોમાં શરૂ થયો નવા યુગનો અધ્યાય

## આ સન્માન મારું નહીં, ૧૪૦ કરોડ ભારતીયોનું છે' – પીએમ મોદી; વેપાર, સુરક્ષા અને દરિયાઈ સહયોગ વધુ મજબૂત બનશે

જકાર્તા,તા.૭

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન બંને દેશોના સંબંધોમાં એક મહત્વપૂર્ણ ઐતિહાસિક ક્ષણ સર્જાઈ હતી.ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં પ્રધાનમંત્રી મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને દેશના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માનથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે બંને દેશોના નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા અને અનેક વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સન્માન સ્વીકાર્યા બાદ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આ એવોર્ડ માત્ર તેમનો વ્યક્તિગત સન્માન નથી, પરંતુ ભારતના ૧૪૦ કરોડ નાગરિકો માટે ગૌરવની ક્ષણ છે. તેમણે કહ્યું કે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો સદીઓ જૂના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક જોડાણ પર આધારિત છે, જે હવે આધુનિક સમયમાં વ્યૂહાત્મક ભાગીદારીના નવા તબક્કામાં પ્રવેશી રહ્યા છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ પણ જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ બંને દેશો વચ્ચે વિશ્વાસ, સહયોગ અને પરસ્પર સન્માનમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવતાં વેપાર, રોકાણ, સંરક્ષણ, ટેક્નોલોજી, દરિયાઈ સુરક્ષા અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ભાર મૂક્યો હતો.વિશ્લેષકોના મતે આ મુલાકાત ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિને વધુ મજબૂત બનાવશે અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં બંને દેશોની ભાગીદારીને નવી દિશા આપશે. વેપાર અને રોકાણ ઉપરાંત ગ્રીન એનર્જી, ડિજિટલ ટેક્નોલોજી, શિક્ષણ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન જેવા ક્ષેત્રોમાં પણ નવા કરારો અને સહયોગની સંભાવનાઓ વધી છે. જકાર્તામાં મળેલું આ સર્વોચ્ચ સન્માન માત્ર પ્રધાનમંત્રી મોદી માટે જ નહીં પરંતુ ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે વધતી મિત્રતા, પરસ્પર વિશ્વાસ અને લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારીનું પ્રતીક બની રહ્યું છે.

### મિડલ ઈસ્ટમાં ફરી તણાવ

# હોર્મુઝમાં જહાજો પર હુમલાથી ક્રૂડ ઓઇલના ભાવ ૭૨ ડોલરને પાર

## ઈરાન પર હુમલાના આરોપો વચ્ચે શાંતિ વાર્તા પર અસરની આશંકા, વૈશ્વિક બજારમાં ચિંતા

નવી દિલ્હી,તા.૭

મિડલ ઈસ્ટમાં ફરી એકવાર તણાવ વધવાના સંકેતો મળ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક વ્યાપારી જહાજો પર મિસાઈલ હુમલાના અહેવાલો બાદ આંતરરાષ્ટ્રીય કાચા તેલના બજારમાં હલચલ જોવા મળી છે. હુમલાના સમાચાર આવતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાયો છે અને બ્રેન્ટ ક્રૂડ ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું છે.હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક છે. વિશ્વની કુલ તેલ જરૂરિયાતના આશરે ૨૦ ટકા હિસ્સાનો વેપાર આ માર્ગ દ્વારા થાય છે. તેથી આ વિસ્તારમાં કોઈપણ તણાવ અથવા હુમલાની સીધી અસર વૈશ્વિક ઊર્જા બજાર પર પડે છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા હોર્મુઝ નજીક બે વ્યાપારી જહાજો પર હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે આ ઘટનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાર્તાઓ પર અસર પડી શકે છે.આ ઉપરાંત યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO)એ પણ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના દરિયાકાંઠે એક ઓઈલ ટેન્કર સાથે અજ્ઞાત વસ્તુ અથડાવાની માહિતી આપી છે. આ ઘટનામાં ટેન્કરમાં આગ લાગવાની વાત પણ સામે આવી છે.

જોકે, સમગ્ર મામલાની વધુ તપાસ ચાલી રહી છે.હુમલાના અહેવાલો પહેલાં કાચા તેલના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો, પરંતુ મંગળવારે બજારમાં અચાનક તેજી આવી હતી. બ્રેન્ટ ક્રૂડ લગભગ ૧ ટકાના ઉછાળા સાથે ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચ્યું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ (WTI) પણ ૭૦ ડૉલરની નજીક પહોંચી ગયું. મર્બન ક્રૂડના ભાવમાં પણ વધારો નોંધાયો છે.દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તાને લઈને પણ અનિશ્ચિતતા વધી છે. બંને દેશો વચ્ચે આગામી તબક્કાની બેઠક ૧૧ જુલાઈ આસપાસ યોજાઈ શકે તેવી ચર્ચા ચાલી રહી છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદ અથવા સ્વિત્ઝર્લેન્ડમાં બેઠક યોજાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.હાલ વિશ્વના દેશોની નજર હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિ પર છે. જો તણાવ વધુ વધશે તો તેની અસર માત્ર ક્રૂડ ઓઈલના ભાવ પર નહીં પરંતુ વૈશ્વિક મોંઘવારી અને અર્થતંત્ર પર પણ પડી શકે છે.

### ભ્રષ્ટાચાર વિરોધી કાર્યવાહી

# ડીએસપી પાસે ૩૦૦ કરોડની કથિત સંપત્તિ, ACBની કાર્યવાહી

## ડાયરી અને વોટ્સએપ ચેટ બન્યા તપાસના મહત્વના પુરાવા

તેલંગાણા,તા.૭

તેલંગાણામાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB)એ રાજ્યના એક પોલીસ અધિકારી સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહીમાંથી એક હાથ ધરી છે. ACBએ ડીએસપી સંકિરેડ્ડી ભીમ રેડ્ડીની કથિત આવક કરતાં અનેકગણી વધુ સંપત્તિ એકઠી કરવાના આરોપસર ધરપકડ કરી છે. તપાસ દરમિયાન તેમની અને તેમના નજીકના સંબંધીઓ સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં અંદાજે ૩૦૦ કરોડથી વધુની કથિત ગેરકાયદે સંપત્તિ સામે આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.ACBની તપાસમાં હૈદરાબાદ સહિત તેલંગાણા અને કર્ણાટકમાં આવેલી અનેક મિલકતોનો પર્દાફાશ થયો છે. અધિકારીઓને હૈદરાબાદમાં એક લક્ઝરી વિલા, ગ્રાઉન્ડ પ્લસ બે માળ અને પેન્ટહાઉસ ધરાવતું રહેણાંક મકાન, ચાર ફ્લેટ, ૫૦૦ ચોરસ યાર્ડના કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ભાગીદારી તેમજ ૩,૦૦૦ ચોરસ ફૂટનું કોમર્શિયલ સ્પેસ મળી આવ્યું છે. ઉપરાંત અલગ-અલગ વિસ્તારોમાં કુલ ૨,૩૦૦ ચોરસ યાર્ડના પ્લોટ અને લગભગ ૫૪.૭ એકર ખેતીની જમીન પણ તપાસમાં સામે આવી છે. એક ખાનગી કંપનીમાં ૭૫ લાખનું રોકાણ પણ નોંધાયું છે.દરોડા દરમિયાન રોકડ અને કિંમતી ધાતુઓનો પણ મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અધિકારીઓને ડીએસપીના નિવાસસ્થાનમાંથી અંદાજે ૩.૬૦ લાખ રોકડા મળ્યા હતા, જ્યારે કથિત બેનામી મિલકતમાંથી આશરે ૪૦ લાખ રોકડા મળી આવ્યા હતા. આ ઉપરાંત લગભગ ૨ કિલોગ્રામ સોનાના દાગીના, ૨૦ કિલોગ્રામ ચાંદીની વસ્તુઓ અને લગભગ ૧૯.૯૧ લાખની બેંક ડિપોઝિટ પણ મળી આવી હોવાનું છઝ્રમ્એ જણાવ્યું છે.આ સમગ્ર કેસમાં સૌથી મહત્વનો પુરાવો ડીએસપીની વ્યક્તિગત ડાયરી હોવાનું તપાસ એજન્સીનું કહેવું છે. પ્રાથમિક તપાસ મુજબ, ચારધામ યાત્રા પર જવા પહેલાં તેમણે પોતાની સંપત્તિ, રોકાણ, દેવા અને કથિત બેનામી મિલકતોની વિગતો આ ડાયરીમાં નોંધેલી હતી. એટલું જ નહીં, આ ડાયરીની સ્કેન કરેલી નકલ તેમણે પોતાના બે પુત્રોને વોટ્સએપ દ્વારા મોકલી હોવાની માહિતી પણ તપાસમાં સામે આવી છે. ACB હવે આ તમામ દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાના આધારે કેસની વધુ તપાસ કરી રહી છે.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તપાસ હજુ ચાલુ છે અને સંપત્તિના મૂલ્યાંકન તેમજ નાણાંના સ્રોત અંગે વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. ડીએસપીને વિશેષ ACB અદાલતમાં રજૂ કરવામાં આવશે, જ્યાં આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરાશે. આ કેસે ફરી એકવાર સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાતને ઉજાગર કરી છે.

### સાયબર સુરક્ષા પર નવું જોખમ

# એઆઈથી થયો વિશ્વનો પ્રથમ રેન્સમવેર હુમલો!

## એઆઈ એજન્ટે જાતે જ સુરક્ષા ખામીઓ શોધી ડેટા એક્રિપ્ટ કર્યો; સાયબર નિષ્ણાતોએ ભવિષ્યના મોટા ખતરાની ચેતવણી આપી

કેલિફોર્નિયા,તા.૭

સાયબર ક્રાઈમની દુનિયામાં ચિંતા વધારતી એક નવી ઘટના સામે આવી છે. સાયબર સુરક્ષા ક્ષેત્રના સંશોધકોએ દાવો કર્યો છે કે વિશ્વમાં પ્રથમ વખત એક એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત એજન્ટે સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે રેન્સમવેર હુમલો કર્યો છે. અત્યાર સુધી હેકર્સ એઆઈનો ઉપયોગ કોડ લખવા, ફિશિંગ ઈ-મેઈલ તૈયાર કરવા અથવા અન્ય સહાયક કાર્યો માટે કરતા હતા, પરંતુ આ ઘટનામાં એઆઈએ જાતે જ હુમલાની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી હોવાનું જણાવાયું છે.રિસર્ચર્સના જણાવ્યા મુજબ સંબંધિત એઆઈ એજન્ટે ટાર્ગેટ સિસ્ટમનું વિશ્લેષણ કરીને તેમાં રહેલી સુરક્ષા ખામીઓ શોધી કાઢી હતી. ત્યારબાદ તેણે લોગિન ક્રેડેન્શિયલ્સ મેળવ્યા, નેટવર્કમાં પ્રવેશ કર્યો અને અંતે મહત્વપૂર્ણ ડેટાબેઝને એક્રિપ્ટ કરી દીધો. સૌથી વધુ ચિંતાજનક બાબત એ રહી કે હુમલા દરમિયાન અવરોધ આવતા એઆઈએ પોતાની રીતે નવી પદ્ધતિ અપનાવી અને હુમલો ચાલુ રાખ્યો.સાયબર સુરક્ષા નિષ્ણાતોના મતે આ પ્રકારના એઆઈ એજન્ટ્સ સામાન્ય ચેટબોટથી અલગ હોય છે. તેઓ માત્ર સૂચનાઓનું પાલન કરતા નથી, પરંતુ પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે છે અને એક પછી એક અનેક તબક્કાની કામગીરી પૂર્ણ કરી શકે છે. આ ક્ષમતા ભવિષ્યમાં સાયબર હુમલાઓને વધુ ઝડપી, જટિલ અને જોખમી બનાવી શકે છે.આ ઘટનાએ વૈશ્વિક સાયબર સુરક્ષા ક્ષેત્રમાં નવી ચર્ચા જગાવી છે. નિષ્ણાતોનું માનવું છે કે ભવિષ્યમાં રેન્સમવેર ગેંગ્સ એઆઈ આધારિત એજન્ટ્સનો ઉપયોગ કરીને એકસાથે અનેક સંસ્થાઓને નિશાન બનાવી શકે છે. તેથી કંપનીઓ અને સરકારી સંસ્થાઓએ મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન, નિયમિત સોફ્ટવેર અપડેટ્સ, સુરક્ષિત બેકઅપ, ક્લાઉડ સિક્યોરિટી અને એઆઈ આધારિત સાયબર ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂર છે.

### અમેરિકાની ઇમિગ્રેશન નીતિ

# અમેરિકામાં ગ્રીનકાર્ડના નિયમોમાં મોટું પરિવર્તન થશે

## રોજગાર આધારિત ગ્રીનકાર્ડ પ્રક્રિયામાં મોટા ફેરફારોની તૈયારી; ભારતીય પ્રોફેશનલ્સ પર પણ પડશે સીધી અસર

વોશિંગ્ટન,તા.૭

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર એમ્પ્લોઈમેન્ટ બેઝ્ડ ગ્રીનકાર્ડના નિયમોમાં આમૂલ પરિવર્તન કરવા જઈ રહી છે. અરજદાર અને તેમને નોકરીએ રાખતી અમેરિકન કંપનીએ ગ્રીનકાર્ડની અરજી કરતી વખતે એ સાબિત કરવું જરૂરી બની જશે કે જે તે વિદેશી નાગરિક એ કંપની માટે કે અમેરિકા માટે શું કામ જરૂરી છે? શું તેનો અમેરિકન વિકલ્પ તેમને મળ્યો નથી? પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામ (પીઈઆરએમ)માં ફેરફાર થશે એટલે તેની અસર આ ગ્રીનકાર્ડના અરજદારો પર પડશે.અમેરિકાના લેબર વિભાગે એક તજવીજ હાથ ધરી છે. પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામમાં મોટા ફેરફારો થશે. સરકારી અધિકારીઓએ કહ્યું હતું કે અત્યારની હાઈરિંગ પ્રોસેસમાં ફેરફાર જરૂરી બની ગયો છે.

અમેરિકન યુવાનોને રોજગાર મળે તે માટે ખાસ યોજનાના ભાગરૂપે આ નવો નિયમ આવી રહ્યો છે. ૨૦ વર્ષ પછી ગ્રીનકાર્ડના નિયમોમાં ફેરફાર થશે. ૨૦૦૪માં છેલ્લે મોટું પરિવર્તન આવ્યું હતું. અમેરિકન અધિકારીઓના કહેવા પ્રમાણે જૂના નિયમોમાં ફેરફારની તીવ્ર જરૂરિયાત છે, કારણ કે ટેકનોલોજી અને નોકરીઓમાં ઘણા ફેરફાર થયા છે. અમેરિકન નાગરિકોની નોકરીઓની સુરક્ષા માટે પણ આ આવશ્યક પગલું છે.લેબર માર્કેટમાં એ ટેસ્ટ જરૂરી બની જશે કે જેમાં સાબિત કરવું પડશે કે જે જોબ માટે વિદેશી નાગરિકની ભલામણ ગ્રીનકાર્ડ માટે થઈ રહી છે એના માટે કોઈ અમેરિકન પ્રોફેશ્નલ લાયક નથી. કંપનીઓએ અરજી વખતે જ આ ટેસ્ટ સર્ટિફિકેટ જોડવું પડશે. વળી, નોકરી વાસ્તવિક છે કે માત્ર કાગળ પર છે તેની પણ સઘન તપાસ થશે. તેના કારણે ભારતીયો સહિત વિદેશી પ્રોફેશ્નલ્સ માટે ગ્રીનકાર્ડની પ્રોસેસ અઘરી બની જશે. વિદેશી ટેલેન્ટને આવકારતા પહેલાં અમેરિકન કંપનીઓએ એ વાતની સાબિતી આપવી પડશે કે તેમની પાસે દેશી ટેલેન્ટનો અભાવ છે.આ કામ અમેરિકન કંપનીઓ માટે બેહદ મુશ્કેલ બની જશે. આ પ્રોસેસ સીધી રીતે ગ્રીનકાર્ડના નિયમોમાં ફેરફાર નથી. પીઈઆરએમની પ્રોસેસમાં ફેરફાર છે. પણ આ ફેરફારની સીધી અસર એમ્પ્લોઈમેન્ટ ગ્રીનકાર્ડની પ્રોસેસ પર પડશે. આ નિયમમાં ફેરફાર કરવા માટે ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. તે માટે નાગરિકોના અને લાગતા-વળગતા વિભાગોના સૂચનો લેવામાં આવશે ને પછી તેને સત્તાવાર સ્વરુપ આપવામાં આવશે.

### સિરિયામાં સુરક્ષા ભંગ

# દમાસ્કસમાં શ્રેણીબદ્ધ મોટો બોમ્બ બ્લાસ્ટ થયો

## ફ્રાન્સના પ્રમુખ મેક્રોન રોકાયા હતા તે હોટેલ નજીક વિસ્ફોટ; પ્રમુખ સુરક્ષિત, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા કડક

દમાસ્કસ,તા.૭

સિરિયાની રાજધાની દમાસ્કસમાં મંગળવારે થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોથી સમગ્ર શહેરમાં અફરાતફરી મચી ગઈ હતી. વિસ્ફોટો ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન રોકાયા હતા તે હોટેલની નજીક થયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે સિરિયાની સુરક્ષા વ્યવસ્થા પર ફરી સવાલો ઊભા થયા છે. જોકે, ફ્રાન્સના પ્રમુખ આ ઘટનામાં સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું ફ્રેન્ચ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ વિસ્ફોટો સમયે પ્રમુખ મેક્રોન હોટેલમાં હાજર નહોતા. તેઓ તે સમયે સિરિયાના નવા પ્રમુખ અહેમદ અલ-શરા સાથે સત્તાવાર બેઠકમાં વ્યસ્ત હતા. ઘટના બાદ સુરક્ષા દળોએ હોટેલ અને આસપાસના સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તમામ માર્ગો સીલ કરી દીધા હતા. ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને હુમલાખોરોની ઓળખ માટે સુરક્ષા એજન્સીઓ કાર્યરત બની છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું છે કે વિસ્ફોટો છતાં પ્રમુખ મેક્રોનનો પ્રવાસ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ જ ચાલુ રહેશે. આ હુમલા પાછળ કયા સંગઠનનો હાથ છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

મેક્રોનની આ મુલાકાત રાજદ્વારી દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બશર અલ-અસદના શાસનના અંત બાદ સિરિયાની મુલાકાત લેનારા તેઓ યુરોપિયન યુનિયનના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ સિરિયાના નવા નેતૃત્વ સાથે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક સ્થિરતા અંગે ચર્ચા કરવાનો હતો.વિશ્લેષકોના મતે તાજેતરના રાજકીય પરિવર્તન છતાં સિરિયામાં સુરક્ષાની સ્થિતિ હજુ પણ પડકારજનક છે. વર્ષો સુધી ચાલેલા ગૃહયુદ્ધ અને વિવિધ સશસ્ત્ર સંગઠનોની હાજરીને કારણે દેશમાં સ્થિરતા સ્થાપિત કરવી નવા શાસન માટે મોટો પડકાર બની રહી છે. દમાસ્કસમાં થયેલા આ વિસ્ફોટોએ ફરી એકવાર સિરિયાની સુરક્ષા વ્યવસ્થાની ગંભીર સ્થિતિ ઉજાગર કરી છે.

### ટાઈમ કેપ્સૂલ ૨૨૭૬માં ખોલવામાં આવશે

# અમેરિકાએ આઈફોનને જમીનમાં દાટયોઃ ૨૫૦ વર્ષ પછી ખુલશે

## ૨૧મી સદીનો માનવી કઈ ટેકનોલોજીનો ઉપયોગ કરતો હતો તે ૨૩મી સદીના લોકો જાણી શકશે

વૉશિંગ્ટન, તા.૭

અમેરિકાએ સ્વતંત્રતાની ૨૫૦ વર્ષની ઉજવણી કરી. એ દરમિયાન એક અનોખો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે. એક ટાઈમ કેપ્સૂલમાં અમેરિકાએ આજના સમયની અમુક ચીજો સાચવવાનું નક્કી કર્યું છે, એમાં આઈફોનનો પણ સમાવેશ થાય છે. એને જમીનમાં દાટી દેવામાં આવશે અને ૨૫૦ વર્ષ પછી ખોલાશે.૨૨૭૬માં જ્યારે અમેરિકા તેની સ્વતંત્રતાના ૫૦૦ વર્ષની ઉજવણી કરતું હશે ત્યારે એ સમયના અમેરિકનો જમીનમાં દાટવામાં આવેલી ટાઈમ કેપ્સૂલ બહાર કાઢશે. ૪૦૮ કિલો વજનના આ ખાસ પ્રકારના ડબ્બામાં એટલે કે ટાઈમ કેપ્સૂલમાં અમેરિકાની કલા-સંસ્કૃતિને લગતી ચીજવસ્તુઓ મૂકવામાં આવી છે, પરંતુ ચર્ચા આઈફોનની વધારે થઈ છે. આઈફોન અમેરિકાની ટેકનોલોજીની ક્રાંતિનું પ્રતીક છે. આ ટાઈમ કેપ્સૂલમાં આઈફોન-૧૭ પ્રો-મેક્સને મૂકવામાં આવ્યો છે. જ્યારે ૨૫૦ વર્ષ પછી ૨૩મી સદીનો માનવી આ ટાઈમ કેપ્સૂલ ઓપન કરશે ત્યારે તેને આજના અમેરિકન સમાજ અને અમેરિકાની ટેકનોલોજીની જાણકારી મળશે.બીજું કોઈ મોડલ નહીં ને આઈફોન-૧૭ પ્રો મેક્સ જ કેમ પસંદ થયો તે બાબતે એક્સપર્ટ્સ કહે છે કે અત્યારે મળતાં તમામ સ્માર્ટફોનમાં આઈફોન-૧૭ પ્રો મેક્સ સૌથી આધુનિક છે. એ આજના જમાનાની ટેકનોલોજીનું પ્રતિનિધિત્વ કરે છે. ભવિષ્યમાં લોકોને આ ટેકનોલોજીના કારણે ખબર પડશે કે ૨૦૨૦ના દશકાના માનવીએ કેવી ટેકનોલોજી વિકસાવી લીધી હતી.

### હવે હેકર નહીં, એઆઈ જ હેકિંગ કરશે

# સાયબર ક્રાઈમની દુનિયામાં ખળભળાટ એઆઈએ રેન્સમવેર એટેક કર્યો

## એઆઈ એજન્ટે ટાર્ગેટ સિસ્ટમને તપાસી, સિક્યોરિટી ખામી શોધી અને અંતે ડેટાબેઝને એન્ક્રિપ્ટ કરી દીધો : ભવિષ્યમાં રેન્સમવેર ગેંગ્સ એઆઈ એજન્ટ્સનો ઉપયોગ કરીને એકસાથે અનેક સંસ્થાઓ પર એટેક કરશે

કેલિફોર્નિયા, તા.૭

સાયબર ક્રાઈમની દુનિયામાં એક એવો કેસ સામે આવ્યો છે, જેને ભવિષ્યના ખતરાની ઝલક માનવામાં આવી રહ્યો છે. સાયબર સિક્યોરિટી કંપની Sysdigના રિસર્ચર્સે દાવો કર્યો છે કે તેમણે દુનિયાનો પહેલો એઆઈ-રન રેન્સમવેર એટેક ઓળખ્યો છે. હેકર્સ અત્યાર સુધી એઆઈનો ઉપયોગ કોડ લખવા કે ફિશિંગ ઈ-મેઈલ તૈયાર કરવા જેવા કામમાં કરતા હતા, પરંતુ આ કેસમાં એઆઈએ જાતે જ હુમલો કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.રિપોર્ટ અનુસાર, JadePuffer નામના એઆઈ એજન્ટે ટાર્ગેટ સિસ્ટમની તપાસ કરી, તેમાં રહેલી સિક્યોરિટી ખામીઓ શોધી, લોગિન ક્રેડેન્શિયલ્સ મેળવ્યાં, નેટવર્કમાં આગળ વધ્યું અને અંતે ડેટાબેઝને એન્ક્રિપ્ટ કરી દીધો. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે જો કોઈ તબક્કે તેને અવરોધ મળ્યો, તો તેણે તરત જ નવી રીત અપનાવી અને હુમલો ચાલુ રાખ્યો.સાયબર એક્સપર્ટ્સના જણાવ્યા અનુસાર, આ પ્રકારના છચીહૌબ એઆઈ અને સામાન્ય એઆઈ વચ્ચે મોટો તફાવત છે. સામાન્ય એઆઈ યુઝર્સના પ્રશ્નોના જવાબ આપે છે અથવા સૂચના મુજબ કામ કરે છે, જ્યારે Agentic એઆઈ પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને પોતે નિર્ણય લઈ શકે છે. તે એક પછી એક અનેક સ્ટેપ્સ પૂરા કરી શકે છે. આ કારણે આવા એઆઈનો ઉપયોગ સાયબર હુમલાઓમાં થવા લાગશે તો હેકિંગ વધુ ઝડપથી અને મોટા પાયે થશે.આ ઘટના પછી સાયબર સિક્યોરિટી ક્ષેત્રમાં એઆઈના ઉપયોગ અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. એક્સપર્ટ્સનું માનવું છે કે ભવિષ્યમાં રેન્સમવેર ગેંગ્સ એઆઈ એજન્ટ્સનો ઉપયોગ કરીને એકસાથે અનેક સંસ્થાઓ પર હુમલા કરી શકે છે. તેથી કંપનીઓએ મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન (MFA), સમયસર સોફ્ટવેર અપડેટ્સ, નિયમિત બેકઅપ, ક્લાઉડ સિક્યોરિટી અને AI આધારિત ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની જરૂર છે.

## પાના ૧ ઉપરનું ચાલું પતાના મહેલની જેમ તૂટતું ઈન્ફ્રાસ્ટ્રકચર

બાંધકામ પૂરૂં થયા પછી તેનું થર્ડ પાર્ટી કવોલિટી ઓડિટ પણ માત્ર કાગળ પર જ થાય છે.

આજે સ્માર્ટ સિટીના નામે માત્ર ઉપર છલ્લા રોડ ચમકાવવામાં આવી રહ્યા છે, પરંતુ જમીનની નીચે ડ્રેનેજ (પાણીના નિકાલ)ની સિસ્ટમ આજે પણ ૫૦ વર્ષ જૂની જ રાખવામાં આવે છે. બિલ્ડરો અને ભ્રષ્ટ નેતાઓની સાંઠગાંઠના કારણે નદી, નાળા કે તળાવના કુદરતી કેચમેન્ટ એરિયા (જયાં પાણી કુદરતી રીતે ભરાતું કે વહી જતું હોય) પર જ આડેધડ સોસાયટીઓ અને શોપિંગ મોલ ઊભા કરી દેવાય છે. પરિણામે, વરસાદી પાણીના નિકાલના તમામ કુદરતી માર્ગો બંધ થઈ જતાં આખે આખા શહેરો જળબંબાકાર બની જાય છે.

'વિકાસ એટલે માત્ર સિમેન્ટ–કોંક્રિટના જંગલો ઊભા કરવા નહીં, પણ કુદરત સાથે તાલમેલ મિલાવીને ટકાઉ (Sustainable) માળખું તૈયાર કરવું.'

કુદરતી આપત્તિઓ દુનિયાના દરેક ખૂણે આવે છે. અમેરિકામાં વાવાઝોડા આવે છે, જાપાનમાં વિનાશક ભૂકંપ અને પૂર આવે છે અને યુરોપમાં પણ અતિવૃષ્ટિ થાય છે. પરંતુ, આપણા અને તેમના મેનેજમેન્ટમાં જમીન–આસમાનનો તફાવત છે.

બાબત ભારતમાં સ્થિતિ સામે વિકસિત દેશોની સ્થિતિ (જાપાન, સિંગાપોર, વગેરે) આયોજન, ટૂંકા ગાળાનું આયોજન (માત્ર આગામી ચૂંટણી કે ચોમાસા પૂરતું જ મર્યાદિત). જયારે વિદેશમાં લાંબા ગાળાનું આયોજન (આગામી ૫૦ થી ૧૦૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને).

ટેકનોલોજીનો ઉપયોગ ટેકનોલોજીનો નહિવત ઉપયોગ, હજુ પણ જૂની પદ્ધતિઓ અને કાગળ પરના નકશાઓ પર નિર્ભરતા જયારે વિદેશોમાં જીઆઈએસ મેપિંગ, સેટેલાઈટ ડેટા અને 'સ્પોન્જ સિટી' (જે પાણી સોસી લે) જેવી આધુનિક ટેકનોલોજીનો અમલ.

જવાબદારી અને સજા અકસ્માત પછી તપાસ સમિતિઓ બને, ફાઈલો દબાઈ જાય અને સજા ભાગ્યે જ કોઈને થાય છે. જયારે વિદેશમાં માળખું નબળાઈને કારણે તૂટે તો કંપની આજીવન બ્લેકલિસ્ટ થાય, કરોડોનો દંડ થાય અને જેલની સજા થાય.

મેગા પ્રોજેકટસ ઉદાહરણ તરીકે અબજોના ખર્ચે બનેલા સિકસ લેન જેવા હાઈવે પર પણ ભુવા પડે છે અને લોકો જીવ ગુમાવે છે. જયારે ટોકયો જેવા વિદેશના શહેરમાં અંડરગ્રાઉન્ડ ટનલ નેટવર્ક (G-Cans) અને સિંગાપોરમાં વરસાદી પાણી સીધું અંડરગ્રાઉન્ડ રિઝર્વોયરમાં સ્ટોર થાય છે અને એ પાણી પાછું રીફાઈન કરી રોજીંદા જીવનમાં ઉપયોગી પણ થાય છે.

આપણા દેશમાં અબજોના ખર્ચે તૈયાર થયેલ સીકસ લેન જેવા સુપરફાસ્ટ રોડ પર પણ પાણી ફરી વળે છે અને મોટા ભુવા પડે છે. આ ભુવાના કારણે અનેક નિર્દોષ લોકોના જાન પણ હોમાય છે. દુર્ઘટના બને ત્યારે થોડા દિવસ રીડિયારમણ થાય છે, નેતાઓ પ્રેસ કોન્ફરન્સમાં વિવિધ બયાનબાજી કરે છે અને અધિકારીઓને કાગળ પર ખખડાવી પણ નાખે છે.

રસ્તાઓની કામચલાઉ મરામત થાય છે અને પછી જાણે કશું બન્યું જ નથી તેમ બધુ ભુલાઈ જાય છે અને જનતા વળી પાછી નિરર્થક મુદ્દાઓની ચર્ચાઓમાં વ્યસ્ત થઈ જાય છે !

આવતાં ચોમાસે વળી પાછી એ જ સ્થિતિ સર્જાય છે, 'ઈનુંઈ' વળી પાછી કુદરતી આફતો આવે અને નેતા–અધિકારીઓ તથા સમાજ સેવકોની વણજાર ઘટનાગ્રસ્ત વિસ્તારની મુલાકાતો લેવા દોડી જાય છે. લોકો પોતાનો આક્રોશ અને બળાપો કાઢે, તેને નેતાઓ શાંતિપૂર્ણ માહોલમાં સાંભળે છે. આંખમાંથી મગરના આંસુ અને સંવેદનાના ફુવારા છૂટે, આ તમામ બાબતો કેમેરામાં કંડારાય અને બીજા દિવસે વર્તમાનપત્રોની મુખ્ય હેડલાઈન બની જાય છે ! મૂળ મુદ્દો એ છે કે ગયા વર્ષની દુર્ઘટના પરથી કોઈ જ બોધપાઠ લેવાતો નથી. આ આખી ઘટના ' કાશીએ જઈ મેલ કરવત, ઈ ના ઈ' જેવી ઘાટ સાબિત થાય છે.

ઘણીવાર આ મામલાઓ અદાલતમાં પહોંચે છે, જયાં ખામી કોની અને કઈ આ બાબતે લાંબી કાયદાકીય ચર્ચાઓ થાય છે. બચાવ અને આરોપ વચ્ચે કેસ એક અદાલતથી બીજી અદાલતમાં સરકી જાય છે. છટકબારીઓ અને કાયદાકીય લૂપહોલના કારણે કેસ એવો અટવાઈ જાય છે કે સત્ય સામે આવતા ખાસ્સો સમય વીતી જાય છે. ફેંસલો આવે ત્યાં સુધીમાં તો એ દુર્ઘટના આમજનતાની સ્મૃતિમાંથી સાવ ગાયબ થઈ ગઈ હોય છે. આ આપણું કડવું સત્ય છે, કારણ કે ત્યાં સુધીમાં અનેક નવી દુર્ઘટનાઓ બની ચૂકી હોય છે અને જૂની ઘટનાઓ વિસરાઈ જાય છે.

જો આપણે આ કાયમી આફતમાંથી મુકિત મેળવવી હોય તો હવે કડક વલણ અપનાવવું જ પડશે. અખબારી માધ્યમ દ્વારા સરકાર અને જનતા સમક્ષ નીચે મુજબના સૂચનો રજૂ કરવામાં આવે છે :

નબળા કામ બદલ માત્ર કોન્ટ્રાકટર જ નહીં, પણ જે સરકારી એન્જિનિયરે કે સુપરવાઈઝરે તેને મંજૂરી આપી હોય તેની મિલકત જપ્ત થવી જોઈએ અને તેને કડક જેલની સજા થવી જોઈએ. કોઈપણ નવો રોડ, હાઈવે કે સોસાયટી બનાવતા પહેલા પાણીના નિકાલની વૈજ્ઞાનિક વ્યવસ્થા ૧૦૦% પાકી હોવી જ જોઈએ. જયાં સુધી સામાન્ય જનતા ભ્રષ્ટાચાર અને નબળા કામને 'આ તો બધે ચાલ્યા કરે' કહીને સ્વીકારતી રહેશે, ત્યાં સુધી દર ચોમાસે આપણા ટેકસના કરોડો રૂપિયા આ પાણીમાં વહી જશે. આપણે સોશ્યલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા જવાબદારોને ટેગ કરીને પ્રશ્નો પૂછવા પડશે અને આપણી આસપાસ થતા ગેરકાયદેસર બાંધકામો સામે અવાજ ઉઠાવવો જ પડશે.

આ અહેવાલનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈ પક્ષ કે વહીવટી તંત્રની વ્યકિતગત ટીકા કરવાનો નથી, પરંતુ દર વર્ષે ચોમાસા દરમિયાન નાગરિકોને વેઠવી પડતી હાલાકી અને પાયાના ઈન્ફ્રાસ્ટ્રકચરની નબળાઈઓ તરફ ધ્યાન દોરીને એક મજબૂત અને જવાબદાર વ્યવસ્થાના નિર્માણ માટે અવાજ ઉઠાવવાનો છે. તેમ એક યાદીમાં પ્રિયંકભાઈ પાંધીએ જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૦૧૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૯૦ | ૨૮૫૫ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૮૭૦ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૪૭૦ |
| ૭ | જુવાર | ૧૦૪૫ | ૧૧૯૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૪૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૫ |
| ૧૦ | મગ | ૮૦૦ | ૧૪૮૫ |
| ૧૧ | ચણા | ૯૯૦ | ૧૧૬૦ |
| ૧૨ | સફેદ ચણા | ૯૫૦ | ૧૦૯૦ |
| ૧૩ | તુવેર | ૮૦૦ | ૧૪૩૦ |
| ૧૪ | કપાસ | ૯૪૦ | ૧૮૯૦ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ૧૬ | જીરૂ | ૨૩૦૦ | ૩૪૬૦ |
| ૧૭ | રાય | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ૧૮ | ધાણા | ૨૯૭૦ | ૨૯૭૦ |
| ૧૯ | ધાણી | ૧૫૭૫ | ૨૯૫૦ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | સોયાબીન | ૧૨૨૫ | ૧૫૮૦ |
| ૨૨ | વરીયાળી | ૧૨૦૦ | ૧૩૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયા મોટા પંથકમાં ભારે વરસાદથી

વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિની જાણ થતાં પૂર્વ ધારાસભ્ય,લીલીયા તાલુકા પંચાયતના પ્રમુખ તથા તેમની ટીમ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચી હતી.તેમણે અસર ગ્રસ્ત પરિવારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમજ રાહતરૂપે ફૂટ પેકેટનું વિતરણ કરી લોકોને મદદ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.સ્થાનિક તંત્ર પણ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ વીજ કંપનીની

ટીમ હતી અમરેલી પીજીવીસીએલ સર્કલના અધિકારીઓ, ઈજનેરો અને વીજકર્મીઓની.

અમરેલી પીજીવીસીએલ સર્કલના અધિક્ષક ઈજનેર સી.સી. ડામોરના માર્ગદર્શન હેઠળ સમગ્ર વીજતંત્ર મેદાનમાં ઉતરી પડયું હતું. ભારે વરસાદના કારણે સર્કલના કાર્યક્ષેત્ર હેઠળ આવેલા ૮૮ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ કચેરીમાં બેસીને સૂચનાઓ આપવાને બદલે જાતે જ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને કામગીરીનું નેતૃત્વ સંભાળ્યું.

સી. સી. ડામોર સતત અધિકારીઓની ટીમ સાથે ફિલ્ડમાં પેટ્રોલિંગ કરીને દરેક વિસ્તારની સ્થિતિનો તાગ મેળવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, તા. ૪ જુલાઈના રોજ વરસેલા ભારે વરસાદથી શરૂઆતમાં ૨૪ ગામોમાં સંપૂર્ણ ડાર્કઆઉટ સર્જાયો હતો. ત્યારબાદ તા. ૫ જુલાઈથી ૬૮ વિશેષ ટીમો સાથે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

જેમ જેમ વરસાદની અસર વધતી ગઈ તેમ તેમ કામગીરીનું વ્યાપ પણ વધારવામાં આવ્યું. પીજીવીસીએલની ૧૨૫ ટીમો અને કોન્ટ્રાકટર એજન્સીની ૬૭ ટીમો–કુલ મળીને ૧૯૨ ટીમના અધિકારીઓ અને કર્મચારીઓએ દિવસ અને રાતનો ભેદ ભૂલીને સતત મરામત કામગીરી હાથ ધરી હતી. કયાંક પાણી ભરાયેલા ખેતરો વચ્ચે જઈને પણ થાંભલા ઊભા કર્યા, તો કયાંક વરસાદ વચ્ચે તૂટેલી લાઈનો જોડવાની હતી. દરેક સ્થળે એક જ ધ્યેય હતો કે લોકોના ઘરોમાં ફરી અજવાળું પહોંચાડવાનું છે.

તેઓએ જણાવ્યું હતું કે, આ અવિરત પ્રયાસોના પરિણામે પ્રભાવિત ૩૭૦ ફીડરમાંથી ૩૬૮ ફીડર પૂર્વવત કરવામાં આવ્યા છે. વરસાદથી નુકસાન પામેલા ૩૯૭ વીજ થાંભલામાંથી ૩૮૦થી વધુ થાંભલા ફરી ઉભા કરવામાં આવ્યા છે. અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં નુકસાન પામેલા ૩૨ ટ્રાન્સફોર્મરમાંથી ૩૦ ટ્રાન્સફોર્મર કાર્યરત કરી દેવામાં આવ્યા છે. પરિણામે આજે ૮૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત થઈ ગયો છે, જયારે બાકીના ગામોમાં પણ અંતિમ તબક્કાની કામગીરી ચાલી રહી છે. અને આજે જ તમામ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત ખેતીવાડીના બંધ ફીડરો પૈકી જે ખેતરો સુધી ટીમ પહોંચી શકી છે. ત્યાં પૂર્વવત કરી દેવામાં આવ્યા છે. જયારે અન્ય બંધ ફીડરો શરૂ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ છે.

આ સમગ્ર કામગીરી દરમિયાન વીજકર્મીઓ માટે વરસાદ કોઈ અવરોધ બન્યો નહીં. સતત વરસતા વરસાદ, કાદવભર્યા માર્ગો, પાણીમાં ગરકાવ વિસ્તારો અને જોખમી પરિસ્થિતિ વચ્ચે પણ તેઓ એક પછી એક ખામી દૂર કરતા રહ્યા. તેમના માટે દરેક ગામ માત્ર એક સ્થળ નહોતું, પરંતુ હજારો પરિવારોના જીવનમાં ફરી પ્રકાશ પહોંચાડવાની જવાબદારી હતી.

કુદરતી આફતના સમયમાં ઘણીવાર લોકો વીજળી જતી હોવાની અસુવિધા અનુભવે છે, પરંતુ તેની પાછળ સેંકડો વીજકર્મીઓની અવિરત મહેનત, જોખમ અને સમર્પણ છુપાયેલું હોય છે. અમરેલી પીજીવીસીએલની ટીમે આ કામગીરી દ્વારા ફરી એકવાર સાબિત કર્યું છે કે, જનસેવામાં નિષ્ઠા, ટીમવર્ક અને કર્તવ્ય પરાયણતા હોય તો કુદરતના પડકારો પણ વિકાસના માર્ગમાં અવરોધ બની શકતા નથી.

વરસાદે ભલે થોડા સમય માટે અંધકાર પાથર્યો હોય, પરંતુ પીજીવીસીએલના કર્મયોગીઓની ફરજ પ્રતિની પ્રતિબદ્ધતાએ અમરેલીના ગામોમાં ફરી અજવાળું પ્રગટાવ્યું છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૨ | કપાસ | ૧૭૨૫ | ૧૭૨૫ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૨૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૦૯ |
| ૫ | જુવાર | ૯૫૦ | ૧૨૦૦ |
| ૬ | ચણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| ૭ | ચોળી | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૧૦ |
| ૩ | જુવાર | ૫૧૦ | ૫૧૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૪૭૨ |
| ૫ | એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| ૭ | શીંગફાડા | ૧૫૯૦ | ૧૬૫૫ |
| ૮ | તલ કાળા | ૨૮૦૫ | ૩૫૬૫ |
| ૯ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૮૭૦ |
| ૧૦ | સોયાબીન | ૧૨૬૫ | ૧૪૬૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૨૫ |
| ૧૨ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |


### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ/ પરચુરણ અરજી.નં. ૧૭૨/૨૦૨૬ તા.૧૯/૦૬/૨૦૨૬

વિવાદી : **શ્રી મુકેશભાઈ અમરશીભાઈ રામાણી**
રહે. વલારડી, તા. બાબરા, જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

પ્રતિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી – ચમારડી–વલારડી, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **વલારડી** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પત્ની શ્રી **વસંતબેન રવજીભાઈ કોયાણી જન્મ તા.૦૧/૦૧/૧૯૭૪ના રોજ મોજે. વલારડી, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૨૨/૦૫/૨૦૨૬** થી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધા/તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**


## સાવરકુંડલાનાં બોરાળા ગામે ભારે વરસાદ બાદ જિલ્લા પંચાયત પ્રમુખ દોડી ગયા



અમરેલી, તા. ૭

સાવરકુંડલાઃ ભારે વરસાદના કારણે પૂરગ્રસ્ત બનેલા સાવરકુંડલા તાલુકાના બોરાળા ગામની જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયાએ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર જઈ પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું અને વરસાદથી થયેલા નુકસાન અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખે રાહત અને પુનઃસ્થાપન કામગીરીની સમીક્ષા કરી હતી. અસરગ્રસ્ત પરિવારો સુધી જરૂરી સહાય સમયસર પહોંચે, નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરવામાં આવે અને પુનઃસ્થાપન કામગીરીમાં વધુ ગતિ આવે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

દક્ષાબેન ચોડવડીયાએ જણાવ્યું હતું કે પૂરગ્રસ્ત પરિવારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તંત્ર સતત કાર્યરત છે. પીવાનું પાણી, આરોગ્ય, માર્ગ વ્યવસ્થા અને અન્ય જરૂરીસેવાઓ ઝડપથી પૂર્વવત થાય તે માટે તમામ વિભાગો સંકલન સાથે કામગીરી કરી રહ્યા છે.

મુલાકાત દરમિયાન સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તથા વિવિધ વિભાગોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખે લોકોને જરૂરી સાવચેતી રાખવા, તંત્રની સૂચનાઓનું પાલન કરવા અને કોઈપણ મુશ્કેલી સર્જાય તો તાત્કાલિક વહીવટી તંત્રનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું યુવકનું દીવાલ માથે પડતા મોત

રમેશભાઈ શામજીભાઈ પંચારસરાની વાડીએ રહેતા રાવજીભાઈ ઉર્ફે રાજુભાઈ હરસિંહ ડુડવે નામના ૬૦ વર્ષીય વૃધ્ધ ગત તા. ૫ના રોજ ૫:૩૫ વાગ્યે, ખાખરીયા ગામની સીમમાં લઘુશંકા કરવા માટે રોડથી નીચે ખાળીયામાં ગયેલ હોય. ત્યા આવેલ પવનચક્કીના વીજપોલને હાથથી ટેકો દેવા જતા વીજશોક લાગતા વૃધ્ધનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના સુખપર, વાડી વિસ્તારમાં રહેતા વાલીબેન ભુપતભાઈ સાકળીયા નામની ૪૦ વર્ષીય પરણિતા પોતાના દીકરાને આગળ અભ્યાસ કરાવવાની ના પાડતા હોય, જે બાબતે છેલ્લા ચારેક મહીનાથી પતિ–પત્નિને કજીયો કંકાસ ચાલતો હોય. જે બાબતે મનમાં લાગી આવતા ગત તા. ૬ના આશરે ૫ વાગ્યે સુખપર ગામે ઝેરી દવા પી જતા તેણીનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૩૧૦૦ | ૩૩૦૦ |
| ૨ | મગ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ૩ | ચણા | ૧૧૦૫ | ૧૧૪૦ |
| ૪ | ઘઉં | ૫૦૧ | ૫૦૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૨૬ |
| ૨ | શીંગ દાણા | ૧૫૫૦ | ૨૦૪૨ |
| ૩ | તલ સફેદ | – | ૨૫૦૭ |
| ૪ | તલ કાળા | ૩૩૦૬ | ૩૬૨૯ |
| ૫ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| ૬ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૭ | જુવાર | – | ૧૦૬૧ |
| ૮ | ચણા | ૧૧૦૦ | ૧૧૪૧ |


### જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના તે અમારા અસીલ **અનિરૂધ્ધભાઈ વિનુભાઈ ઢોલરીયા** રે.: **કુંકાવાવ નાની,** તા.: **કુંકાવાવ–વડીયા,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૩૯૯ P ૧/P ૧** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૦ હેકટર ૭૦ આરે ૮૨ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈપણ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ–વડિયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે રે.સ. નં. **૩૯૯ P ૧/P ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધા – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૦૫/૦૬/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**


## પાના ૮ ઉપરનું ચાલું બાબરા પંથકમાં મેઘરાજાએ

વહીવટી તંત્ર અગાઉથી જ એલર્ટ મોડમાં હતું. બાબરા નગરપાલિકાની ટીમ પણ સતત શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરતી રહી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, ઉપપ્રમુખ યજ્ઞેશ શુકલ, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા તેમજ સભ્યો જગદીશભાઈ વાવડીયા, હરેશભાઈ આખજા અને ભીખુભાઈ બગડા સહિતના આગેવાનો મોડી રાત સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી સ્થિતિનું નિરીક્ષણ કરતા રહ્યા હતા. નગરપાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે તંત્ર સંપૂર્ણ તૈયારી સાથે કાર્યરત છે.

ચમારડી ગામ નજીક પૂર આવતાં બાબરા–ચમારડી માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરવો પડયો હતો. કોટડા પીઠા માર્ગના કોઝવે પર પણ પાણી ફરી વળતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. અહીં તાલુકા પંચાયતના પ્રમુખ તુષાર રામાણી સ્થળ પર હાજર રહી વાહનચાલકોને સલામત માર્ગ અંગે માર્ગદર્શન આપતા રહ્યા હતા.

બાબરા–ચાવંડ, બાબરા–અમરેલી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં જયાં બ્રિજ અને નાળાના કામો ચાલી રહ્યા છે, ત્યાં બનાવાયેલા ડાયવર્ઝન માર્ગો પર પણ પૂરનું પાણી ફરી વળતાં કેટલાક માર્ગો અસ્થાયી રીતે બંધ કરવામાં આવ્યા હતા.

ધોધમાર વરસાદ દરમિયાન લગભગ બે કલાક સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતાં નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. બાબરા શહેરમાં રાજકોટ–ભાવનગર હાઈવે સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન પર અસર જોવા મળી હતી.

સમયસર અને સારા વરસાદથી સમગ્ર બાબરા પંથકમાં ખુશીનું વાતાવરણ છવાઈ ગયું છે. ખેડૂતોમાં નવા ઉત્સાહ સાથે કૃષિ કામગીરીને વેગ મળ્યો છે અને આ વરસાદને સમગ્ર પંથક માટે આશીર્વાદ સમાન ગણવામાં આવી રહ્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું મહુવા–સુરત ટ્રેન રદ કરાઈ

કલાકો સુધી સાવરકુંડલા સ્ટેશન ખાતે રોકી રાખવામાં આવી હતી.

સાવરકુંડલા અને લીલીયા પંથકમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદ અને પૂરના કારણે જિલ્લામાં રેલવે વ્યવહાર પર વ્યાપક અસર જોવા મળી હતી. સાવરકુંડલા તાલુકાના જીરા રોડ અને ભેંસવડી સ્ટેશન વચ્ચે બોરાળા ગામ નજીક ગઈકાલે રાત્રે રેલવે ટ્રેકની બંને બાજુનું ધોવાણ થતાં ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. જેના પગલે ટ્રેન નંબર ૧૯૨૫૬ મહુવા–સુરત એકસપ્રેસને સાવરકુંડલા રેલવે સ્ટેશન ખાતે રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

મહુવા–સુરત એકસપ્રેસ મહુવાથી સાંજે ૫:૩૦ કલાકે ઉપડી હતી અને રાજુલા સ્ટેશન પર સાંજે ૬:૧૫ કલાકે પહોંચી હતી. ટ્રેનનો સાવરકુંડલા પહોંચવાનો નિર્ધારિત સમય સાંજે ૭:૩૮ કલાકનો હતો. જોકે, સાવરકુંડલા અને ગાધકડા સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેક પર ભારે પ્રમાણમાં ગારો તથા વરસાદી ઓવાળ ભરાઈ જતાં ટ્રેનને ગાધકડા સ્ટેશન ખાતે લગભગ બે કલાક સુધી રોકી રાખવામાં આવી હતી. ત્યારબાદ રાત્રે આશરે ૯:૪૫ કલાકે ટ્રેન સાવરકુંડલા રેલવે સ્ટેશન પહોંચી હતી.

આ દરમિયાન સાવરકુંડલા અને લીલીયા વચ્ચે જીરા રોડ તથા ભેંસવડી સ્ટેશન વચ્ચે બોરાળા ગામ નજીક રેલવે ટ્રેકની બંને બાજુનું ભારે ધોવાણ થયાનું રેલવે વિભાગના ધ્યાનમાં આવતા ટ્રેનને આગળ દોડાવવી જોખમી હોવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરિણામે રાત્રે લગભગ ૯ વાગ્યે સાવરકુંડલા રેલવે સ્ટેશન ખાતે મહુવા–સુરત એકસપ્રેસને રદ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ટ્રેન રદ થતાં સાવરકુંડલા રેલવે સ્ટેશન ખાતે ટ્રેનને રોકી દેવામાં આવી હતી. ટ્રેનમાં મુસાફરી કરતા તેમજ સાવરકુંડલાથી આગળ જવાના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. જોકે રેલવે વિભાગે મુસાફરોને ટિકિટના નાણાં પરત આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ ટ્રેન નંબર ૫૯૨૩૫ ધોળા–મહુવા પેસેન્જર ટ્રેનને પણ સાવરકુંડલા અને ગાધકડા વચ્ચે રેલવે ટ્રેકના ધોવાણને કારણે સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી સાવરકુંડલા રેલવે સ્ટેશન ખાતે રોકી રાખવામાં આવી હતી. ભારે વરસાદના કારણે રેલવે ટ્રેકને થયેલા નુકસાનને પગલે સમગ્ર રૂટ પર ટ્રેન વ્યવહાર ખોરવાઈ જતાં મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

રેલવે વિભાગ દ્વારા ટ્રેકનું તાત્કાલિક નિરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે અને નુકસાનગ્રસ્ત સ્થળોએ મરામત કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ટ્રેક સંપૂર્ણપણે સલામત જાહેર થયા બાદ જ ટ્રેન વ્યવહાર પૂર્વવત કરવામાં આવશે.


### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૬૧/૨૦૨૬

**અરજદાર :** શ્રી ભાનુબેન રવજીભાઈ વરસડા,
સરનામું : રહે. અમરપુર વરૂડી, તા.જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અમો અરજદારશ્રી **ભાનુબેન રવજીભાઈ વરસડા** તેમના પોતાની **જન્મ (તા.૧૪/૦૩/૧૯૬૯)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬–૦૭–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**(કે.કે. દવે )**
**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી શહેર**



### જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા એડવોકેટ એન્ડ નોટરી (ભારત સરકાર)** રહે.: બાબરા, જિ. અમરેલીના તે અમારા અસીલ **સાવલીયા તુષારભાઈ મનુભાઈ** રે.: **માલવણ,** તા.: **અમરેલી,** જિ.: **અમરેલી**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે આવેલી રે.સ.નં. **૬૦ P ૩** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૨ હેકટર ૪૬ આરે ૮૬ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈપણ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **અમરેલી** તાલુકાના **માલવણ** ગામે રે.સ.નં. **૬૦ P ૩** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધા – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૦૫/૦૬/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ''અંતરની એકરૂપતા'' શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો



લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગજેરા પરા પટેલ વાડી ખાતે નવા લાયન વર્ષ ૨૦૨૬-૨૭ નિમિત્તે ''અંતરની એકરૂપતા'' શપથ ગ્રહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ''ઈન્સ્ટોલિંગ ઓફિસર લાયન નીરવભાઈ વાડદોરિયા (ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિકટ ગવર્નર, ડિસ્ટ્રિકટ ૩૨૩૨-જે)'' ના હસ્તે કલબના નવા હોદ્દેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ લા. જતીનભાઈ સુખડિયા, સેક્રેટરી એમજેએફ લા. રાજેશ ઝાલાવડિયા, ખજાનચી લા. ગોરધનભાઈ માંદલિયા સહિત નવી ટીમના તમામ હોદ્દેદારોએ શપથ ગ્રહણકર્યા હતા. નવનિયુક્ત હોદ્દેદારોએ લાયન્સના સૂત્ર ''ઠય જયદિય'' ને આત્મસાત કરીને માનવસેવા, સમાજકલ્યાણ, આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે વધુ સેવાકીય કાર્યો કરીને સમાજના દરેક વર્ગ સુધી સેવા પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી. કે. રૈયાણી ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટક તરીકે દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન જયકિશનભાઈ દેવાણી ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ મહેમાનોમાં પૂર્વ ડિસ્ટ્રિકટ ગવર્નર પીએમજેએફ લાયન વસંતભાઈ મોવલિયા, પૂર્વ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન ધીરજલાલ રાણપરિયા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, લા. કાંતિભાઈ વઘાસિયા, લા. દિનેશભાઈ ભુવા લા. આરસી. કૌશિકભાઈ હપાણી, લા. જેડસી. વિજયભાઈ વસાણી લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ રાકેશભાઈ નાકરાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીના પ્રમુખ નરોત્તમભાઈ સાકરિયા, જીતુભાઈ ગોળવાળા, રાજુભાઈ માંગરોળિયા, ઋજુલભાઈ ગોંડલિયા, સુરેશભાઈ દેસાઈ તથા સંજોગ ન્યૂઝ સંદીપભાઈ માંગરોળિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ લા. રાજુભાઈ પરીખ, પૂર્વ પ્રમુખ લા. બકુલભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ લા. રજનીભાઈ ધોરાજિયા, લા. નંદલાલભાઈ તળાવિયા, લા. જયસુખભાઈ ઢોલરિયા, લા. જે.ડી. સાવલિયા, લા. પ્રકાશભાઈ સેંજલિયા, લા. કેતનભાઈ ધોળકિયા, લા. રાજેશ વિઠલાણી લા. કૌશિકભાઈ ભુવા લા. સહમંત્રી, લા. જતિન કોટડીયા સહખજાનચી, લા. મેહુલ બાબરીયા, લા. હાર્દિક રામાણી, લા. દિનેશભાઈ હિરપરા, લા. મહેશ સોહલીયા, લા. હરેશ ધોરાજીયા, લા. સિદ્ધાર્થ વસતાણી, લા. ભાવેશ નાકરાણી, લા. ઉમેશ કાનાણી, લા. મનીષ ટશક, લા. જયેશ સતાણી, લા. સંજય રાજપરા, લા. ઘનશ્યામ શિંગાળા, લા. વિજય રાદડિયા, લા. જીતેન્દ્ર સંઘાણી, લા. અશોક વોરા, લા. જીતેન્દ્ર સોન્ડાગર, લા. દિવ્યેશ તળાવીયા, લા. ઘનશ્યામ હપાણી, લા. અમિત ધાનાણી, લા. હિતેશ સોલંકી, લા. મંગળાબેન ગોહિલ, લા. દિવ્યાબેન સોજીત્રા, લા.પી.સી. દુધાત સહિત લાયન્સ પરિવારના તમામ સભ્યો અને જુનિયર સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે લાયન્સ પરિવાર અમરેલી દ્વારા પૂર્વ ડિસ્ટ્રિકટ ગવર્નર પીએમજેએફ લાયન વસંતભાઈ મોવલિયાના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. અંતમાં કલબના સેક્રેટરી એમલીએફ લા. રાજેશ ઝાલાવડિયા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, મહેમાનો અને લાયન્સ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ નવા લાયન વર્ષમાં વધુ ઉત્સાહ, સમર્પણ અને સેવાભાવ સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### તાજેતરમાં લેવાયેલ એમબીએ સેમ-૪ પરીક્ષામાં

## અમરેલીની શ્રીમતી એસ.એચ. ગજેરા એમબીએ મહિલા કોલેજનુ સર્વશ્રેષ્ઠ પરિણામ

### ક્રિષ્ના પરમાર, જેનીષા ડાંગરીયા અને ભકિત ગોહિલ અગ્રેસર







અમરેલી, તા. ૭

અમરેલીનાં પટેલ સંકુલ સ્થિત શ્રીમતી એસ.એચ. ગજેરા એમબીએ મહિલા કોલેજનુ તાજેતરમાં લેવાયેલ સેમ-૪ની વાર્ષિક પરિક્ષામાં ટોપટેનમાં નવમુ સ્થાન આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની ક્રિષ્ના પરમાર, જેનીષા ડાંગરીયા અને ભકિત ગોહિલ અગ્રેસર રહી છે. ટ્રસ્ટીઓ અને કોલેજ પરિવારે તમામ વિદ્યાર્થીનીઓને શુભકામના પાઠવી છે.

### વીજપડી નજીક ડાયવર્ઝન ધોવાઈ જતા

## સાવરકુંડલા-મહુવા વચ્ચેનાં નેશનલ હાઈવે ઉપર વાહનવ્યવહાર ઠપ્પ

### હાઈવે વિભાગે યુધ્ધનાં ધોરણે મરામત શરૂ કરી



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદની અસર હવે માર્ગ વ્યવસ્થા પર પણ જોવા મળી રહી છે. સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામ નજીક નવા બ્રિજના નિર્માણ દરમિયાન બનાવવામાં આવેલ ડાયવર્ઝન વરસાદી પાણીના પ્રવાહમાં ધોવાઈ જતાં સાવરકુંડલા-મહુવા નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાને પગલે કાર, ટ્રક સહિતના ભારે વાહનોને અવરોધનો સામનો કરવો પડયો હતો. જોકે, નેશનલ હાઈવે ઓથોરિટીએ તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરી હતી.અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામ નજીક નવા બ્રિજના નિર્માણની કામગીરી ચાલી રહી હોવાથી વાહન વ્યવહાર માટે બાજુમાં કામચલાઉ ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદને કારણે વરસાદી પાણીનો પ્રવાહ વધતાં આ ડાયવર્ઝન ધોવાઈ ગયું હતું.

ડાયવર્ઝન ધોવાઈ જતાં સાવરકુંડલા-મહુવા નેશનલ હાઈવે પર વાહન વ્યવહારને અસર પહોંચી હતી. માર્ગ પર કાર, ટ્રક સહિતના વાહનો અટવાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી માહોલ વચ્ચે હાઈવે બાધિત થતાં બંને તરફ વાહનોની અવરજવર પણ પ્રભાવિત બની હતી.

ઘટનાની જાણ થતાં નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને માર્ગને ફરી વાહનવ્યવહાર માટે કાર્યરત બનાવવા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરી હતી. તંત્ર દ્વારા શક્ય તેટલી વહેલી તકે ડાયવર્ઝનને પુનઃ કાર્યરત કરી વાહનવ્યવહાર સામાન્ય બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### અમરેલી જિલ્લામાં અવિરત મેઘસવારી

## ચાવંડ ગામે કાચુ મકાન ધરાશાયી, ૫૦ વ્યકિતઓનુ રેસ્કયુ કરવામાં આવ્યુ

### નીચાણવાળા વિસ્તારમાં ઠેકઠેકાણે પાણી ઘૂસી ગયા



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે લાઠી તાલુકાના ચાંવડ ગામમાં ભારે નુકસાન સર્જાયું છે. દેવીપુજક વાસમાં પાણી ઘૂસી જતાં એક કાચું મકાન ધરાશાયી થયું હતું. જેમાં એક બાળકને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર, પોલીસ અને સ્થાનિક ટીમે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી આશરે ૫૦ જેટલા અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડયા હતા.અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. લાઠી તાલુકાના ચાંવડ ગામમાં પડેલા વરસાદી પાણી દેવીપુજક વાસમાં ઘૂસી જતાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. દરમિયાન એક કાચું મકાન અચાનક ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.મકાન ધરાશાયી થવાની ઘટનામાં એક બાળકને ઈજા પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું હતું. બાળકની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં લાઠીના પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસતંત્ર તેમજ અન્ય વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા તુરંત બચાવ કામગીરી હાથ ધરી દેવીપુજક વાસના અંદાજે ૫૦ જેટલા અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.મુશળધાર વરસાદ વચ્ચે લાઠી પોલીસે પણ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી બચાવ કામગીરીમાં સક્રિય સહભાગી બની અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય અને સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદની આગાહીને પ્રયાનમાં રાખીને લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી દૂર રહેવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## અમરેલી જિલ્લાની તમામ કોર્ટોમાં તા. ૧૧ જુલાઈનાં રોજ યોજાશે નેશનલ લોક અદાલત

અમરેલી, તા. ૭

અમરેલી તારીખ ૧૧મી જુલાઈ ૨૦૨૬ શનિવારના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતનો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે.આ લોક અદાલતમાં રાજયના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાનલાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે.આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસનો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટનો સંપર્ક કરવા આથી અમરેલી જિલ્લાની તમામ જાહેર જનતા તથા તમામ પક્ષકારોને જણાવવામાં આવે છે.

### ભારે વરસાદથી દોડધામ મચી

## લીલીયા મોટાનાં ભેંસાણ ગામમાં ગાગડિયો નદીના પાણીની ઘુસણ ખોરી

### ૧૦ થી ૧૫ મકાનોમાં પાણીનો ભરાવો થયો



લીલીયા મોટા, તા.૭

લાઠી પંથક સહિત આસપાસના વિસ્તારોમાં પડેલા ધોધમાર વરસાદને કારણે ગાગડિયો નદી બે કાંઠે વહેતા લિલીયા તાલુકાના ભેસાણ ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. નદીના પાણી ગામના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જતાં આશરે ૧૦ થી ૧૫ મકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. ઘરોમાં અચાનક પાણી ઘૂસતા પરિવારોમાં દોડધામ મચી ગઈ હતી.પૂરના પાણી સાથે અનેક પરિવારોની ઘરવખરી પાણીમાં તણાઈ ગઈ હતી. અનાજ, કપડાં, ફર્નિચર, ઘરવપરાશની ચીજવસ્તુઓ તેમજ અન્ય સામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘણા પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડાવાની ફરજપડી હતી. સતત વરસતા વરસાદને કારણે ગામના રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને જનજીવન પર તેની સીધી અસર જોવા મળી હતી.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ગાગડિયો નદીમાં પાણીનો પ્રવાહ અચાનક વધતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઝડપથી ફરી વળ્યા હતા. જેના કારણે લોકોને ઘરવખરી બચાવવાનો પણ પૂરતો સમય મળ્યો નહોતો.ગામ લોકોએ તંત્ર સમક્ષ નુકસાનનું સર્વેક્ષણ કરી યોગ્ય સહાય આપવામાં આવે તેવી માંગ કરી છે.હાલ વરસાદની સ્થિતિ પર સ્થાનિક તંત્ર સતત નજર રાખી રહ્યું છે.જો આગામી કલાકોમાં વધુ વરસાદ પડશે તો સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. લોકોને નદી - નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાથી દૂર રહેવા તેમજ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.ભેંસાણ ગામમાં સર્જાયેલી આ સ્થિતિએ ગ્રામજનોને ભારે આર્થિક ફટકો પહોંચાડયો છે. હવે અસરગ્રસ્ત પરિવારો સરકાર તરફથી તાત્કાલિક સહાય અને નુકસાનના વળતરની આશા રાખી રહ્યા છે.

### ચોમાસાના માહોલમાં નવી ઉપાધિ આવી

## લ્યો બોલો : બાબરાની એસબીઆઈમાં પાસબુક એન્ટ્રી મશીનમાં વીજ કરંટનો આક્ષેપ

### મશીનની તાત્કાલીક તપાસ કરવા ગ્રાહકોની માંગ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૭

બાબરા શહેરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) શાખામાં પાસબુક એન્ટ્રી માટે મૂકવામાં આવેલા મશીનમાં કરંટ (અર્થિંગ) આવતો હોવાનો ગ્રાહકો દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે બેંકમાં આવેલા ખાતાધારકોમાં ચિંતા સાથે રોષની લાગણી જોવા મળી હતી. ગ્રાહકોના જણાવ્યા મુજબ પાસબુક એન્ટ્રી કરાવવા દરમિયાન મશીનને સ્પર્શ કરતાં કરંટ લાગ્યાનો અનુભવ થયો હતો, જેના કારણે અનેક ગ્રાહકો ગભરાઈ ગયા હતા.ગ્રાહકોના જણાવ્યા અનુસાર આ બાબતે બેંક મેનેજરનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેઓનો આક્ષેપ છે કે મેનેજરે વરસાદના કારણે અર્થિંગ આવતું હોવાનું જણાવ્યું હતું. જોકે આ જવાબથી ગ્રાહકોમાં સંતોષ જોવા મળ્યો નહોતો અને તેમણે સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.ખાતા ધારકોનું કહેવું છે કે બેંક જેવી જાહેર સેવા આપતી સંસ્થામાં ગ્રાહકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. મશીનમાં જો ખરેખર અર્થિંગની સમસ્યા હોય તો તેની તાત્કાલિક તકનિકી તપાસ કરાવી જરૂરી સમારકામ કરવામાં આવે અને જયાં સુધી ખામી દૂર ન થાય ત્યાં સુધી યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.સ્થાનિક લોકોમાં પણ ચર્ચા છે કે જો આવી સ્થિતિમાં કોઈ ગ્રાહકને ગંભીર ઈજા થાય અથવા જાનહાનિ જેવી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે ? ગ્રાહકોએ બેંકના ઉચ્ચ અધિકારીઓને સમગ્ર ઘટનાની ગંભીર નોંધ લઈ તાત્કાલિક તપાસ કરાવી હકીકત જાહેર કરવા તેમજ ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે.નોંધનીય છે કે ઉપરોકત વિગતો ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપો પર આધારિત છે. બેંક તરફથી આ અંગે સત્તાવાર સ્પષ્ટતા અથવા તકનિકી તપાસનો અહેવાલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી.

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાજકોટના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર-અમરેલીમાં તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ શુક્રવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
મગજની તકલીફો
❖ અકસ્માત/ઈજા ❖ મગજની ગાંઠ / સતત માથામાં દુઃખાવો
❖ હેમરેજ ❖ મગજમાં પાણી ભરાવું ❖ એપિલેપ્સીની સારવાર
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા)
❖ ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેશિયલ સ્પાસમ HFS )
કરોડરજ્જુની તકલીફો
❖ કમરમાં દુઃખાવો ❖ ગરદનમાં દુઃખાવો
❖ મણકાની ઈજાઓ ❖ ગાદીમાં ઘસારો ❖ સાયટીકાની તકલીફ
24/7 Emergency Services
ડો.પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
ફેલો ઇન એપીલેપ્સી, બ્રેઇન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી,
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 98793 18088

# ગણતરીની કલાકોમાં ચેકડેમ, તળાવો, નદીઓ છલોછલ

# બાબરા પંથકમાં મેઘરાજાએ સટાસટી બોલાવી

**અનેક માર્ગો ઉપર પાણી ભરાઈ જતાં વાહન વ્યવહારની ગતિ ધીમી પડી**

**જગતાત ગણાતાં ખેડૂતોમાં વરસાદ પડી જતાં ખૂશીનો માહોલ**

**પાલિકા, પંચાયત, માર્ગ–મકાન વિભાગ, પીજીવીસીએલની ટીમ મદદે દોડી**

**ઠેકઠેકાણે માર્ગો કે પુલ બનતા હોય બનાવેલ ડાયવર્ઝન પણ ધોવાઈ ગયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા શહેર સહિત સમગ્ર તાલુકામાં સોમવારે મોડી સાંજથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં માત્ર બે–ત્રણ કલાકમાં જ ચારથી પાંચ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુપડાની ધારે વરસેલા વરસાદના કારણે બાબરાની જીવનદાયી કાલુભાર નદી બે કાંઠે વહેતી થઈ હતી, જયારે તાલુકાના લગભગ તમામ ગામોની નદીઓ, નાળાઓ અને કોઝવેમાં ઘોડાપુર આવતાં અનેક માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો.

ચોમાસાની પ્રથમ જ ભારે વરસાદી સિઝનમાં તાલુકાના ચેકડેમો, તળાવો અને જળાશયો પાણીથી છલકાઈ ઉઠયા છે. વાવણી પૂર્ણ કર્યા બાદ મળેલા આ અમૃત સમાન વરસાદથી કપાસ, મગફળી સહિતના પાકને નવજીવન મળતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે.

ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

**ભારે વરસાદમાં વધુ એક માનવ જીંદગીનો ભોગ લેવાયો**

## ધારીનાં ખોખરા મહાદેવ વિસ્તારમાં યુવકનું દીવાલ માથે પડતા મોત

**વૃધ્ધનું વીજ શોકથી મોત અને એક પરિણીતાનું ઝેરી દવા પી જવાથી મોત**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદના કારણે વધુ એક માનવ જિંદગીનો ભોગ લીધો છે.

ધારી તાલુકાના ખોખરા મહાદેવ વિસ્તારમાં રહેતા ચંદુભાઈ રવજીભાઈ વાઘેલા નામના ૩૫ વર્ષીય યુવક ગત તા. ૫ના સાંજના સાતેક વાગ્યાથી રાત્રીના દસેક વાગ્યા દરમ્યાન ધારી તાલુકાના સરસીયા ગામની સીમમાં રહેણાંક ફરજામાં સુતા હતા. ત્યારે અતિ વરસાદને કારણે તે ફરજાની દિવાલ અચાનક પડી જતા યુવક ફરજાની છત નીચે તેમજ છતના બીમના વચ્ચે આવી જતા માંથામા તેમજ જમણા હાથે નાની મોટી ઈજાઓ થવાથી તેમજ મૂજારો થવાથી તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા

અનુસંધાન પાના ૬ ઉપર

**સોમવારે રાત્રિનાં ભારે વરસાદથી**

## સાવરકુંડલા–લીલીયા વચ્ચેનો રેલ્વે ટ્રેક ધોવાતા મહુવા–સુરત ટ્રેન રદ કરાઈ

**ધોળા–મહુવા ટ્રેનને પણ રોકી દેવામાં આવી**

અમરેલી, તા. ૭

સાવરકુંડલા અને લીલીયા પંથકમાં પડેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ રેલવે વ્યવહારને ગંભીર અસર પહોંચી છે. જીરા રોડ–ભેંસવડી વચ્ચે બોરાળા ગામ નજીક રેલવે ટ્રેકનું ધોવાણ થતાં ગઈકાલે રાત્રે મહુવા–સુરત એક્સપ્રેસ ટ્રેન રદ કરવાની ફરજ પડી હતી, જયારે ધોળા–મહુવા પેસેન્જર ટ્રેનને પણ

અનુસંધાન પાના ૬ ઉપર



**સવારનાં ૬થી સાંજના ૮ સુધીમાં**

## અમરેલી જિલ્લાનાં મોટા ભાગનાં વિસ્તારોમાં સામાન્ય વરસાદ

**બાબરા ૪, અમરેલી ૬, સાવરકુંડલા ૧૧, જાફરાબાદ ૨૧ મીમી**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદ બાદ આજે મેઘાએ રાહત આપતા હોય તેમ આજે સવારના ૬થી રાત્રે ૮ વાગ્યા સુધીમાં હળવા ઝાપટાથી લઈ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

અમરેલી, લીલીયા, લાઠી સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં ગઈકાલ સાંજથી આજે સવાર સુધીમાં ભારે વરસાદ વરસી ગયા બાદ આજે વરસાદે આંશિક રાહત આપી છે. આજે દિવસ ભર વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા ઝાપટાથી લઈ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અમરેલી ફલેડ કંટ્રોલ રૂમ ખાતે આજે સવારના ૬થી રાત્રે ૮ વાગ્યા સુધીમાં બાબરા ૪, લીલીયા ૭, અમરેલી ૬, બગસરા ૩, ધારી ૩, સાવરકુંડલા ૧૧, ખાંભા ૧૩, જાફરાબાદ ૨૧, અને રાજુલામાં ૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

**ભારે વરસાદે છીનવી વીજળી પણ ફરજનાં અજવાળે ફરી ઝળહળ્યાં અનેક ગામો**

## અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ વીજ કંપનીની ૧૯૨ ટીમોએ કામગીરી કરી સ્થિતિ પૂર્વવત કરવાનો પ્રયાસ કર્યો

**કાદવ, પાણી અને અંધકાર વચ્ચે વીજકર્મીઓએ દિવસ–રાત એક કરી ૮૦થી વધુ ગામોમાં પરત લાવ્યો પ્રકાશ**



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં ભારે વરસાદ પછીનું દશ્ય માત્ર પાણી ભરાયેલા રસ્તાઓ કે, છલકાતી નદીઓ પૂરતું મર્યાદિત ના હતું. અનેક ગામોમાં વીજ પુરવઠો પણ ખોરવાતા અંધકાર છવાઈ ગયો હતો. આવા સમયે વરસાદથી ભીંજાયેલા કપડાં, કાદવથી ભરાયેલા રસ્તાઓ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે પણ એક એવી ટીમ સતત કાર્યરત હતી, જેના માટે નાગરિકોના ઘરોમાં ફરી પ્રકાશ પહોંચાડવો વધુ મહત્વનો હતો. આ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૭૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)